ૐ

# ॥ વેદ રહસ્ય ॥





# વેદ રહસ્ય




કઠોપનિષદ્

પાલડી ગામના આંગણે

ભજન
રજુ. મધુબેન પી. ભીકડીયા (ઉખરલા)

ભગવદ્ યાત્રા

કુંવારપાઠું

પુરુષાર્થ એજ પ્રભુ

નિર્વાણ જયંતિ મહોત્સવ

ભગીરથ વનમાં જઈ

સત્સંગ સમાચાર

સત્સંગ સમાચાર

માતાપિતાની છત્ર..


***''નૌમિ શ્રી માધવાનન્દં સચ્ચિદાનન્દ વિગ્રહમ્***
***યસ્યેક્ષણપ્રસાદેન તીર્ણોऽહં ભવસાગરમ્''***

***આ શ્લોક બોલ્યા પછી 'શ્રી સદ્ગુરૂ પ્રાતઃ સ્મરણ સ્તોત્રનું ઉચ્ચારણ કરતા કરતા શ્રી સદ્ગુરૂ પરમાત્મા શ્રી માધવાનન્દ યોગીન્દ્રને એક સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો અને સદ્ગુરૂ પરમાત્માના નામની ધુન ''સચ્ચિદાનન્દ માધવાનન્દ'' કરી નમસ્કાર કરવા ત્યાર પછી માતા પિતા આદિ વૃદ્ધો ને પ્રણામ કરવા.***


''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

(Publisher)
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

(Editor)
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા


## વેદ રહસ્ય


વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૮ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.

| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |


શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦

સંકલન કર્તા :- કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



(ગીતા-૯-૨૧)

પૂણ્ય જ્યારે ક્ષીણ થાય ત્યારે તેને મૃત્યુ લોકમાં આવવું પડે છે એટલા માટે મારે હવે સ્વર્ગ પણ નથી જોતું એવો જ્યારે પૂર્ણ વૈરાગ્ય થઈ જાય ત્યારે એ જ્ઞાનનો અધિકારી છે. શેનો ? બોલો ? ભક્તિનો, જ્ઞાનનો. કેમ કે ભગવાનમાં પ્રેમ કરે અને જયારે એ જ્ઞાન પ્રાપ્ત કરે તો ભગવાનમાં વધારે ને વધારે જાગ્રત થતો જાય તો હવે એને માટે માર્ગ બતાવવા માટે સમજણ આપે છે. રથની કલ્પના કરીને કહે છે. એ બંનેને માટે માર્ગ છે નિવૃત્તિ માર્ગ હોય કે પ્રવૃત્તિ માર્ગ હોય પણ રથ, સાધન વગર તો ક્યાંય પહોંચાતુ નથી. એટલે હવે સાધનની કલ્પના કરીને કહે છે.

''आत्मानम् रथिनं विद्धि शरीरम् रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ ३ ॥''
॥ १-३-३ ॥

शरीरादिसे सम्बद्ध रथादि रूपक:

પ્રવૃત્તિ માર્ગ અને નિવૃત્તિ માર્ગ બંનેમાં જવા માટે સાધન જોઈએ. શું જોઈએ ? બોલો ? સાધન. સાધનમાં રથની કલ્પના કરીને સમજાવે છે અને આને રુપક કહેવાય. સમજાવવાનો એક ઉપાય, પ્રકાર કે તમે આ માર્ગથી ચાલો તો અહીં પહોંચી જશો. ને આ માર્ગથી ચાલો તો ત્યાં પહોંચી જશો. એટલા માટે સાધન બતાવે છે આ શરીર જે છે એ રથ છે. શરીર છે એ શું છે ? બોલા ? રથ છે. અને શરીરની અંદર જે આત્મા બેઠો એ રથનો માલિક છે એટલે રથની અંદર બેસવા વાળો શેઠ છે. ''आत्मानं रथिनं विद्धि शरीरम् रथमेव तु बुद्धिं तु सारथिं विद्धि'' કે બુદ્ધિ એને ચલાવવાનો સારથી છે. કેમ કે આપણા શરીરને બુદ્ધિ ચલાવે છે. જેની જેવી બુદ્ધિ હોયને એબાજુ શરીર ચાલે જો બુદ્ધિ સારી હોય તો શરીર સારા તરફ ચાલે ને બુદ્ધિ ખરાબ હોય તો શરીર ખરાબ તરફ ચાલે. એટલે બુદ્ધિ સારથી છે અને મન લગામ છે. 'प्रग्रह' એટલે દોરી છે. લગામ બાંધેને રથને, ઘોડાની દોરી એને 'प्रग्रह' કહેવાય. એને લગામ કહે ને એને દોરી પણ રસના કહે જે જુદા જુદા સમજો પણ ઘોડાને બાંધવાની દોરી હોય કેમ કે રથ હોય ને એને ઘોડા જોડેલા હોય. દોરી સુધી બતાવ્યું. મન લગામ છે. હવે ઘોડા કોણ છે એ કહે છે.

''इन्द्रियाणि हयानाहुर्विषयाम् स्तेषु गोचरान् ।
आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिण: ॥ ४ ॥''
॥१-३-४॥

ઈન્દ્રિયો ઘોડાઓ છે. આ શરીરમાં આંખ, કાન, પગ ન હોય તો ચલાય ? બોલો ? તો આંખ કઈ બાજુ જોવે ? પગ હાલે અને મન જે ઈન્દ્રિયો બીજી આંખ હોય, કાન હોય વગેરેને સાંભળીને જોવે આ બાજુ ચલાય આ બાજુ નો ચલાય એટલે ઈન્દ્રિયો છે એ બધા ઘોડાઓ છે. અને ''विषयाम् स्तेषु गोचरान् ।'' અને ઈન્દ્રિયોના જે વિષય શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ માર્ગ છે. તો આ માર્ગે થઈ અને ચાલવાનું છે. તો ચાલીને ક્યાં ક્યાં પહોંચાય ? એને માટે હવે સમજણ

આપે છે. જેની લગામ સારી હોય એટલે જેનું મન સારું હોય, બુદ્ધિ સારી હોય, ઘોડા સારા હોય, રથ સારો હોય, એની અંદર બેઠેલો માલિક બરોબર જાગ્રત હોય તો એતો પરમાત્માના ધામમાં પહોંચે અને એ બધા જો ઊંધા હોયને તો સંસારના ખાડામાં પડે. હવે, આગળના શ્લોકમાં કહે છે પણ મેં તમને ઉપરથી સમજાવ્યું.

अविवेकी की विवशता

''यस्त्वविज्ञानवान्भवत्ययुक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाण्यवश्यानि दुष्टाश्वा इव सारथेः ॥५ ॥''
॥ १-३-५ ॥

'यस्तु अविज्ञानवान् भवति'

'यस्त्व विज्ञानवान् भवति' જે લોકો અજ્ઞાની છે એ લોકો કેવા છે કે અને ''अयुक्तन मनसा सदा ।'' અને જેનું મન વશમાં નથી અજ્ઞાની છે અને બીજું એને લઈને એનું મન વશમાં નથી અને એની ઈન્દ્રિયો પણ કાબુમાં નથી તો જેમ ઘોડા ખરાબ હોય અને લગામ પણ સરખી સારી ન હોય. સારથી પણ અજ્ઞાની હોય તમે રથ લઈ જાવ પણ સારથીને રસ્તાનું જ્ઞાન (ખબર) ન હોય. એટલે બીચારો કઈ બાજુ ચલાવવું એને ખબર ન હોય. હવે થોડી થોડી ખબર હોય પણ ઘોડા એવા ખરાબ હોય કે પેલો પકડીને પરાણે પણ તે બાજુ લઈને ચાલ્યા જાય. ખબર તો ન હોય એટલે તે બાજુ ચાલે એમ ચાલવા દે કેમ કે એને બિચારાને વાળવાની ખબર ન હોય એટલે ઘોડા જે બાજુ ખેંચે તે બાજુ... એટલે અજ્ઞાની હોય, મનને વશમાં ન રાખ્યું હોય, ઈન્દ્રિયો જેની કાબુમાં ન હોય એવા જીવો તો જેમ ખરાબ ઘોડાવાળો જે રથ હોય એ ખાડામાં પડે છે એમ આ જીવો પણ સંસારના ખાડામાં પડે છે એટલે

ના ચક્કરમાં પડે છે.

विवेकी की स्वाधीनता

यस्तु विज्ञानवान्भवति युक्तेन मनसा सदा ।
तस्येन्द्रियाणि वश्यानि सदश्वा इव सारथेः ॥ ६ ॥
॥ १-३-६ ॥

હવે, કહે છે કે જે વિજ્ઞાનવાન હોય એટલે જ્ઞાની હોય. મૂળ માલિક હોય એ શું હોય ? બોલો ? જ્ઞાની હોય પછી એણે મન જેણે કાબુમાં રાખેલું હોય અને લગામ બરાબર રાખી હોય વશમાં તો જે રસ્તે જવું હોય ત્યાં જ જવા દે. બીજે કાંઈ આડું અવડું વળવા દે નહિ. અને એની ઈન્દ્રિયો વશમાં હોય. તો સારા ઘોડા જે હોય, સારો માલિક હોય ને સારી લગામ હોય. જો ઘોડા સારા હોયને તો એની મેળાય સારા રસ્તે જાય ઊંધે રસ્તે ચાલે જ નહિ. એમ ઈન્દ્રિયો જેની કાબુમાં હોયને એ ભગવાનને માર્ગે જાય છે. ખોટે રસ્તે ચાલતી જ નથી. એટલા માટે ઈન્દ્રિયોને ભગવાનને માર્ગે લગાવવા આમાં ખાસ વસ્તુ કેટલી બતાવી ધ્યાનથી સાંભળો. એક તો આત્મા એટલે એને આત્મબળ હોવું જોઈએ. મારે ક્યાં જવું છે એ લક્ષની એને ખબર હોવી જોઈએ. પછી એ ખબર રહે એવી બુદ્ધિ એની પાસે હોવી જોઈએ. પછી રથ સારો હોવો જોઈએ. શું હોવું જોઈએ ? બોલો ? જેમ શરીર બિમાર હોય તો તમારે કરવું હોય સત્સંગમાં બેસવું હોય તો શું કરો ? બોલો ? રથ ભાંગી પડયો હોય તો કાંઈ થાય નહિ. એટલે માલિક સારો હોવો જોઈએ પછી રથ સારો હોવો જોઈએ એમ પછી બુદ્ધિ સારી હોવી જોઈએ. મન લગામ બરાબર રહેવી જોઈએ. પછી ઘોડાઓ સારા રહેવા જોઈએ ને પછી વિષયનો માર્ગ સારો રહેવો જોઈએ. તો ધ્યાન રાખો, ઉપરથી સારું કરો કે બહારથી પેલેથી સારું કરો જ્યાંથી ફાવે ત્યાંથી શરૂઆત કરવી. પ્રાથમિક લોકોને માટે વિષયથી શરૂઆત થાય છે સાત્વીક વિષય ગ્રહણ કરવા કેમ કે સારો રસ્તો હોય ને તો ઘોડાને વશ રાખવા સરળ પડે. રસ્તો જ ખાડા-ખબડીયાવાળો હોય તો ઘોડા થાકીને આડા-અવળા મડે ભાગવા એટલે પેલામાં પેલું રસ્તો સારો રાખવો. ક્યો રસ્તો ? બોલો ?... એટલે વિષયો સાત્વિક ગ્રહણ કરવા. (વિષય ત્રણ છે.) તામસિક વિષય, રાજસિક વિષય અને સાત્વિક વિષય. તો જે વ્યસન વગેરે દુરાચાર છે એ તો તામસિક વિષય છે. વ્યસનો છે એ શું છે ? બોલો ? તામસિક વિષયો.

''तमाकु भृंगीमद्यानी ये पिबन्ति नराधमाः ।
नरके नियतं वासौ यावत्इन्द्र चतुर्दशः ॥''
(आत्मपुराण)

કે તમાકુ, ભાંગ, અફીણ, દારૂ, ગાંજો, માંસ, મદિરા આ બધુ જે પીવા-ખાવાવાળા છે એ જીવો

કે

ચૌદ ઈન્દ્ર ગાદી પર રહે ત્યાં સુધી આ લોકો (એટલે) નક્કી નરકમાં રહેવાના છે. તો એ બધા તામસિક વિષયો કહેવાય. (જો એમ હોય) તો તમે સાત્વિક માણસ છો એ વાતોમાં પડતા નય. એ બરોબર છે. હવે એ બધા તામસિક વિષય કહેવાય. પછી સીનેમા રાગરંગ વિષય સંસારી વિષયો છે એ રજોગુણી અને ભગવાન ને ભક્તિના શબ્દો, ભગવાનનો સ્પર્શ, ભગવાન સંતોનો સ્પર્શ રૂપ, રસ એ સાત્વિક વિષય છે. એ પણ વિષય જ છે. બ્રહ્માનંદ નથી છતાં એ સાત્વિક વિષય છે. તો જે જે વિષય ગ્રહણ કરવા એ સાત્વિક વિષય ગ્રહણ કરવા. ખાવું તો સાત્વિક, પીવું તો સાત્વિક, જોવું તો સાત્વિક, બોલવું, સાંભળવું તોય સાત્વિક આ બધા વિષયો જો સાત્વિક થઈ જાય તો ઘોડા વશ રાખવા સરળ થઈ જાય. નહીતર રજો ગુણી વિષયો પર હાલતા હોયને ઘોડા વશમાં રાખવા શું થઈ જાય ? બોલો ? કઠિન થઈ જાય. કેમ કે તમે રાગરંગમાં ગયા હોય નાચગાન ચાલતા હોય વિષય ભોગો હોય, લગનના મેળામાં ગયા હોવ પછી ઈન્દ્રિયોને વશ રાખવી શું પડે ? બોલો ? કઠિન પડી જાય. એટલે રજો ગુણને રસ્તે ચાલવા વાળાની ઈન્દ્રિયો વશમાં રહેતી નથી. એટલે જો ઈન્દ્રિયોને વશમાં રાખવી હોય તો સાત્વિક માર્ગ પકડવો. માર્ગ એટલે વિષય. ચાલવાનો માર્ગ કયો છે ? બોલો ? વિષયો, વિષયનો માર્ગ પેલા સાત્વિક બનાવવો. સાત્વિક વિષય બનશે તો પછી ઈન્દ્રિયો કાબુમાં થશે. એટલે ઈન્દ્રિયો વશમાં રાખવી. ઈન્દ્રિયો વશમાં રાખવા માટે મનની લગામ સારી રાખવી એટલે મનને કાબુમાં રાખો. મનને કાબુમાં રાખવા માટે બુદ્ધિનો વિવેક જાગ્રત રાખવો કે કોણ સાચું ને કોણ ખોટું ? શેમાં લાભ છે ને શેમાં નુકસાન છે ? શું મારે કરવું ને શું ન કરવું જોઈએ ? એવો વિવેક સદા જાગ્રત રહેવો જોઈએ હું કયે રસ્તે જવા માટે આવ્યો છું? મારે શું મેળવવાનું છે ? હું શું મેળવી રહ્યો છું ? એવો વિવેક જાગ્રત રહે અને અંદરનું રથ (એટલે શરીર) એ પણ સારો રહે કેમ કે 'પેલુ સુખ તે જાતે નર્યા' શરીર પણ સારું રહેવું જોઈએ અને અંદર બેઠેલો જે છે શેઠ એ પણ જાગ્રત રહેવો જોઈએ. એ ગફલતમાં રહેને તો પણ કાંઈ થાય નહિ. કેમ કે એ જો તૈયાર રહે તો સારથી હોયને એ તૈયાર રહે કેમ કે શેઠ જાગતો હોય તો સારથી ખસી ન શકે અને સારથી જ જો બરોબર તૈયાર બુદ્ધિ હોય તો મન કંટ્રોલમાં રહે. મન કંટ્રોલમાં રહે તો ઈન્દ્રિયો કાબુમાં રહે અને ઈન્દ્રિયો કાબુમાં રહે તો સાત્વિક વિષયોમાં રહી શકે. સાત્વિક રસ્તે ચાલે તો પરમાત્માના પદને પ્રાપ્ત થઈ જાય. એટલા માટે એને બતાવતા કહે છે.

अविवेकी की संसारप्राप्ति

यस्त्वविज्ञानवान्भत्यमनस्कः सदाशुचिः ।
न स तत्पदमाप्नोति सम् सारं चाधिगच्छीत ॥ ७ ॥
॥ १-३-७ ॥

હવે, એનું જ વર્ણન ફરીન ફરીન કહે છે કે જે લોકો અજ્ઞાની છે અને 'अमनस्कः' એટલે જેણે મનને વશમાં કર્યુ નથી અને 'सदाशुचिः' (એટલે) સદા હાડકા-ચામડાના મળમૂત્રના ભોગોમાં ફસાયેલા રહે છે 'न स तत्पदमाप्नोति' એ જીવો પરમાત્માના પદને મેળવી શકતા નથી. 'तत्पद' એટલે પરમાત્માનું પદ. 'તત્' નો અર્થ થાય બધા કરતા પેલા. 'તત્' એટલે 'તે.' ગુજરાતીમાં શું અર્થ થાય ? બોલો ?... 'તત્' એટલે 'તે'. 'તે' એટલે પહેલો. પહેલો એટલે આખા જગતની પહેલું કોણ ? બોલો ? પરમાત્મા. એટલા માટે ''ॐ तत्सवितुर्वरेण्यं भर्गो देवस्य धीमहि । धियो योनः प्रचोदयात् ।'' એટલે કહ્યું ''ॐ तत्सदिति ब्रह्मणो रूपं'' ગીતામાં ભગવાને કહ્યું, 'ॐ' 'તત્' અને 'સત્' ત્રણ બ્રહ્મનું સ્વરૂપ છે. એ 'ॐ' કહે તોય પરમાત્મા સમજવા. 'સત્' કહે તોય પરમાત્મા સમજવા ને 'તત્' કહે તોય પરમાત્મા સમજવા. કેમ કે તત્ એટલે પહેલું થઈ જાય ને સત્ એટલે બધાથી પહેલું સત્ હતું બીજું કાંઈ હતું જ નહિ.

''सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम् ब्रह्म ।''
(છાંદોગ્યોપનિષદ્-૬-૨-૨)

વેદોમાં કહ્યું છે કે આ જગતની પહેલા એક સત્ જ હતું એનાથી અનેક કલ્પના થઈ. ''एकं सत् विप्रा बहुधा वदन्ति ।'' એક જ સત્‌ને વિપ્રો અનેક રીતે બતાવે છે. એક સત્ અનંત રૂપે છે.

તો આ રીતે, આપણી ઈન્દ્રિયોને, મનને (લગામને) બધાને વશમાં રાખવા જોઈએ. અને નથી વશમાં રાખતા એ ''न स तत्पदमाप्नोति सं सार

ચાધિગચ્છતિ ।'' કે એ સંસારમાં વારંવાર આવે છે વારંવાર જન્મે છે ને વારંવાર મરે છે. (એ) પરમાત્માના પદને મેળવી શકતા નથી. યાદ રહ્યું ? બોલો ? પરમાત્માના પદને કોણ મેળવી શકે ?

विवेकी की परमपदप्राप्ति

यस्तु विज्ञानवान्भवति समनस्कः सदा शुचिः ।
स तु तत्पदमाप्नोति यस्माद्भूयो न जायते ॥ ८ ॥
॥ १-३-८ ॥

ધ્યાનથી સાંભળો, બંને પ્રકારે કહે છે. 'ન મળે' એ ય કહે છે ને 'મળે' એ પણ કહે છે. જેના દ્વારા તમને ખબર પડે કે આ કરશું તો નહિ મળે ને આ કરશું તો મળશે. એટલે પહેલા કહ્યું, 'यस्तु विज्ञानवान्भवति' પેલું તો જ્ઞાનવાન જોઈએ. શું જોઈએ ? બોલો ? કેમ કે સમજણ જ નહિ હોયને તો શું થાય તો એક દ્રષ્ટાંત છે. એક બહેન પુડલા બનાવવા બેઠા મને આવડે છે. એટલે પોતાના સાસુએ બનાવ્યા હતા. એટલે બનાવવા બેઠા. ચણાના લોટનું રબડું બનાવ્યું. એટલે ચુલા ઉપર લોઢી મુકી અગ્નિ કરી રબડુ લોઢીમાં નાખ્યું. અને પછી તાવેથા વડે થોડી વારે ઉખાડવાનું શરૂ કર્યુ. પણ તાવેતાથી ઉખડયું જ નહી અને ચોટતું ગયું. જેમ ઉખાડે તેમ ચોટતું ગયું પણ પુડલો બન્યો નહીં તો આવડે પણ કેમ બને એ ખબર ન હતી. એટલે પુડલો બન્યો નહીં, તો ઉખડે કયારે, બોલો, એ ખબર ન હતી. તેલ મુક્યા વિના તો ઉખડે જ નહિ. તો શું થયું ? બોલો ? તેલ મુકવાની ખબર નો પડી એટલે પુડલા બનવાને બદલે ઉટતા બળી ગયા. એમ આપણું જીવન કેમ, શું થાય ? બોલો ? કે ભગવાનમાં પ્રેમ મુકવાને બદલે જગતમાં પ્રેમ મુકીએ છીએ એટલે બધું ચોંટતુ જ જાય છે ચોટતું જ જાય છે. ભગવાનમાં પ્રેમ કરીએ તો જગતમાંથી મોહ છૂટી જાય અને છૂટી જાય તો કલ્યાણ થઈ જાય. પણ જીવો તો સંસારમાં પ્રેમ કરે છે. પણ ભગવાનમાં પ્રેમ કરતા નથી. એટલે સંતોએ કહ્યું-

તો ઓળખ્યા વગર પ્રેમ થતો નથી. કોઈ ભેંસને કહે કે તું હિરા મોતીમાં પ્રેમ કર. તો કરશે ? બોલો ?... જંગલમાં ભીલડીયો હોયને એ ચણોઠીઓ વીણે પણ મુક્તામણી લેતી નથી.

न वैत्ति यो यस्य गुण प्रकर्ष
स तं सदा निन्दति नात्र चित्रम् ।
यथा किराती करिकुम्भ जातां
**मुक्तां परित्यज्य विभर्ति गुंजाम् ॥**

(ચાણક્ય નિતિ અ.૧૧ શ્લોક ૮)

જે જેની મહિમા જાણે નહિ એ એને ન લે તો એમાં વિચિત્રતા નથી. કેમ કે એ એનો સ્વભાવ છે. જાણે તો લઈ શકાય ને નો જાણે તો ન લઈ શકાય. સામાન્ય માણસો ભગવાનમાં પ્રેમ કેમ કરતા નથી ?... એ ભગવાનની મહિમા સમજતા નથી. ભગવાનનું સ્વરૂપ સમજતા નથી. પરમાત્મામાં કેટલો લાભ છે કેટલો આનંદ છે એ જાણતા નથી.

પ્રિય સજ્જનો,

ઉપનિષદો માનવને પૂર્ણતા તરફ લઈ જાય છે. અમરતા તરફ લઈ જાય છે. મુક્ત બનાવે છે. તમામ ભયમાંથી મુક્ત કરે છે. ચિંતાઓથી રહિત બનાવે છે. વાસનાનો વિનાશ કરીને જીવને મુક્ત બનાવે છે. એટલા માટે પરમાત્માને રસ્તે જવા માટે ઉપનિષદનું માર્ગદર્શન ધ્યાનથી સાંભળો. કાલના પ્રસંગની અંદર રથનું રૂપક બતાવીને સમજાવ્યું કે શરીર રથ છે અને આત્મા રથનો માલિક છે.

आत्मान रथिनं विद्धि शरीर रथमेव तु ।
बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव च ॥ १-३-३ ॥

શરીર રથ છે આત્મા એની અંદર બેઠેલો છે ચૈતન્ય અને બુદ્ધિ સારથી છે અને મન એની લગામ છે ઈન્દ્રિયો ઘોડો છે ને વિષયો એનો માર્ગ છે. મન બુદ્ધિ યુક્ત ઈન્દ્રિયો યુક્ત જે આત્મા છે એ એનો ભોક્તા છે.

ક્રમશ...

# B પાલડી ગામના આંગણે B

રજુ. કૃષ્ણા જી. સવાણી
(નવા નાવડા)

## પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૬ મો નિર્વાણજયંતિ મહોત્સવ સ. ૨૦૭૩ માગશર વદ ૭, તા. ૨૦/૧૨/૨૦૧૬ મંગળવાર

**પ.પૂ.બ્ર. શ્રી જયાનંદજી મહારાજ**

મુમુક્ષુ ભાઈ બહેનો,

આજે આપણે પાલડી ગામની અંદર પ.પૂ. પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીનો ૧૩૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રદ્ધા, ભક્તિ અને ભાવપુર્વક મનાવી રહ્યા છીએ. ૧૩૬ વર્ષ પર્વે સ્વામીજી પાંચ ભૌતિક શરીર છોડી નિર્વાણ પદને પ્રાપ્ત થયા. સૌથી મોટું પદ હોય તો તે મોક્ષ પદ છે, નિર્વાણ પદ છે. મનુષ્યના મનની અંદર હંમેશા એ વાત ચાલ્યા જ કરે છે કે અમે હંમેશા સુખી થઈએ એ ત્યારે જ સંભવ બને, જયારે નિર્વાણ પદ મળે. જ્ઞાન છે એ સદ્‌ગુરૂની કૃપા વગર પ્રાપ્ત થતુ નથી, ગુરૂગીતામાં ભગવાન શંકર માતા પાર્વતીને કહે છે, **'ગુરૂ વકત્રે સ્થિતાવિદ્યા..'** જે ગુરૂ ભક્ત છે જે તન મન અર્પણ કરે તેને પ્રાપ્ત થાય છે. આજનો વિષય એટલે ગુરુ ભક્તિ રાખવામાં આવ્યો છે. જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તન-મન-ધન ગુરુને અર્પણ કરે તો તે અવશ્ય મોક્ષનો ભાગીદાર બનાવે છે.

**'તન મન ધન જેણે સોપીયા...'**
**'....સાંભળ શુદ્ધ ચિત્ત કરી'**

એટલા માટે સર્વોત્તમ મનુષ્ય જન્મ છે. સત્‌ની સાથે જે એકતા કરાવે તેને ગુરુ કહે છે. જન્મ મરણમાંથી છુટવા માટે ગુરુએ જે જ્ઞાન બતાવ્યું છે તે આજે પણ આપણને પરંપરાથી પ્રાપ્ત છે. એ પ્રમાણે જીવન જીવે અને વર્તન કરે તો તે સાચી શ્રંદ્ધાજલી આપી કહેવાય છે. તમામ દુઃખોમાંથી છુટી જવું એ પરમ કર્તવ્ય છે. આજથી દ્રઢ નિશ્ચય કરો કે મારે ફરી જન્મ લેવો નથી મારે મુકત થવું છે. જે જ્ઞાન આપ્યુ છે તે જ પ્રમાણે જીવન જીવવું એ જ સાચી શ્રદ્ધાંજલી આપી કહેવાય. એ જ મનુષ્ય જીવનનુ કર્તવ્ય છે.

સદગુરૂ દૈવ કી જય

**પ.પૂ. સ્વામી શ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ**

સમુપસ્થિત માતાઓ બહેનો ભાઈઓ,

આજ આપણે આપણા સદ્‌ગુરૂ ભગવાન એવા સ્વામીજી મહારાજના નિર્વાણ તિથી નિમિત્તે એકઠા થયા છીએ. સ્વામીજીએ એવુ પદ પ્રાપ્ત કર્યુ કે જેનાથી ઉપર કોઈ પદ નથી **' યદગત્વા ન ... '** એ જ પદ સ્વામીજીએ પ્રાપ્ત કર્યું છે. વેદાંત સિદ્ધાંત પ્રમાણે નિર્વાણ પદ એ જ મનુષ્ય પ્રાપ્ત કરી શકે જે ચાર સાધનથી સંપન્ન હોય વિવેક, વૈરાગ્ય, શમ, દમાદિ ષટ્ સંપત્તિ, મુમુક્ષુતા અને બીજે બે પ્રકારના સાધન અંતરંગ અને બહિરંગ છે. વેદાંતનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરે એ જ નિર્વાણ પદને પ્રાપ્ત કરી શકે છે. આપણે બધા એ પદના અધિકારી છીએ. આલોકના સુખ માટે દેવતાની આરાધના કરવામાં આવે છે પણ એ નાશવંત છે. પરલોકના સુખ માટે યજ્ઞયાગાદી કરવાથી મળે છે. અલોકીક અને પરલોકીક સુખ નાશવંત છે. મોક્ષનું સુખ અખંડ છે અવિનાશી છે. આપણા માટે આ પદને સરળ સાધન હોય તો તે ગુરુભક્તિ છે.

ગુરુભક્તિ બધા કરી શકે છે સ્વામીજી મહારાજના બધાને આર્શિવાદ મળે અને આપણે આવા લાભો લેતા રહીએ એવી ભગવાનને પ્રાર્થના...

**પ.પૂ. સ્વામી શ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**

ભાવિક ભક્તજનો

આજનો વિષય ગુરુભક્તિ અને ભક્તિ દ્વારા શ્રદ્ધા સુમન અર્પણ કરવા આપણે સૌ ભેળા થયા છીએ. ભક્તિ એટલે પ્રેમ. પ્રેમ આપણા બધાની અંદર જ રહેલો છે. તે પ્રગટ કરીએ ત્યારે ભક્તિનું સ્વરૂપ બહાર આવે. બીજું, સ્વસ્વરૂપાનું અનુસંધાન કરવુ એ ભક્તિ છે. આપણે બધા પોતાના આત્માને પ્રેમ કરીએ છીએ. આપણે કોઈ ચોરી કરીને ભાગીએ ત્યારે શરીર બચાવવા માટે ભાગીએ અને પકડી લે તો હાથ આડા રાખે અને માથુ બચાવે, હાથ ભાંગી નાખે તો બરડો ધરે તો શું તેને શરીરમાં પ્રેમ નથી ? આમ દરેક પોતાના આત્મામાં જ પ્રેમ કરે છે શરીરની અંદર બધી જ ઈન્દ્રિયો બર્હિમુખ છે તેથી બહારના પદાર્થો જ દેખાય છે તેથી આત્મદર્શન થતા નથી સદ્‌ગુરૂના શરણે જઈએ ત્યારે તે કૃપા કરે તો આપણને ગુઢ રહસ્ય સમજાવે ગુરુને રીઝવવા માટે સેવા કરવી પડે.

સમાજ સાથે નહી પણ સત્યને સાથે રહીએ તો ગુરુકૃપા પ્રાપ્ત થાય.

## પ.પૂ. શાસ્ત્રી શ્રી સુરેશ્વરાનંદજી મહારાજ

ગુરુ અને વેદના વાકયોમાં જેને વિશ્વાસ છે તેને શ્રદ્ધા કહેવાય. એ શ્રદ્ધા રૂપ પુષ્પો દ્વારા આપવામાં આવેલ અંજલી શ્રદ્ધાંજલી શ્રીમદ્ ભગવદગીતાના તેરમાં અધ્યાયમાં જ્ઞાની પુરુષોના લક્ષણો બતાવ્યા, સોળમાં અધ્યાયમાં દૈવીસંપત્તિના લક્ષણો બતાવ્યા તે બધાનું મુર્તિમંત સ્વરૂપ એટલે માધવાનંદ સ્વામીજી શાંકરી પરંપરાનું અનુસરણ કરવાવાળા એક પ્રકારનું ઘરેણું હતા. શાસ્ત્રી સ્વામીએ નવાજયા છે 'વિવેક રત્ન....'

એનાથી આગળ વધીને ભાગવતમાં પાંચ લક્ષણ બતાવ્યા છે. 'નિરપેક્ષં ...' આવા મહાપુરુષના મુખારવિંદની અંદર જે શ્રદ્ધા અને વિશ્વાસ રાખે તેને ગુરુનું જ્ઞાન પ્રાપ્ત થાય છે પરંતુ હે દેવી, **'વિદ્યાધન મદેનૈવ...'** હાડકા, ચામડા, ના શરીરનું અભિમાન રાખી ને વિદ્યા, ધનનું અભિમાન રાખીને આવે તેઓ મંદભાગી, અભાગીયા જીવો છે સ્વામીજીને માટે તો કહ્યું છે

**અહો આજ અંગે મહાસુખ પામ્યો,**
**ઘણા કષ્ટ સંસારના સર્વ વામ્યો**
**મહાસુખ સિંધુ દયાળુ અકામી**
**દીઠા આજ શ્રી માધવાનંદ સ્વામી**

આજે આકાશમાં રહેવાવાળા દેવતા પણ શ્રદ્ધાંજલી, પુષ્પાંજલી અર્પણ કરી રહ્યા છે, એટલા માટે એ મહાપુરુષના ચરણોમાં વાકય પુષ્પાંજલી અર્પણ.

## પ.પૂ.સ્વામીશ્રી માધવપ્રિયદાસજી મહારાજ

'યતો વાચો નિવર્તન્તે ...'

આજના મંગળ પુર્વે સાગર સમાન જેમનું હૃદય હતું એવા પૂ. પાદ શ્રી ૧૦૦૮ માધવાનંદજીને શ્રદ્ધાંજલી અર્પણ કરુ છું. ન માત્ર સ્વામીનારયણના સંત તરીકે આજે મારી હજારો હજાર ભાવાંજલી અર્પણ કરુ છું. બહુ આનંદનો વિષય છે એક સાધુના દર્શન થાય તો બેડો પાર થઈ જાય તો અહી તો કેટલાય સંતો છે. ગુરુકુળના વિદ્યાર્થી મારા કરતા સીનીયર વિદ્યાર્થી એમના પિતા નાગજી આપા સ્વામીના પરમ ભક્ત હતા. એને નાગજીભાઈ કોઈ નોતુ કહેતું પણ નાગજીબાપા માધવાનંદ કહેતા હતા ધન્ય છે બાપાના નામની બદલે પાછળ ગુરુનુ નામ લેવાતું. હું ભગવાનને પ્રાર્થના કરુ છુ કે આ માત્ર માધવદ્વાર ન રહે પરંતુ મોક્ષદ્વાર બની જાય. સર્વ સંતોને મારા હૃદયથી વંદન છે. ભારતનો સાધુ ખાબોચીયા જેવો ન હોય પણ સાગર જેવો હોય, **'એકં સત્ વિપ્રા બહુધા વદન્તિ'** નદીઓ જુદી જુદી હોય પણ સાગર તો એક જ હોય, આ એક સરસ દિવ્ય સભા છે ત્યારે આ સર્વ ભાઈ બહેનોને વંદન કરવાનું મન થાય છે. ગુરુ ગરૂડ છે ને આપણે મચ્છરીયા મચ્છર વૈકુંઠમાં ન જઈ શકે પણ ગરુડની પાંખ પર બેસી જાય તો પહોંચી જાય.

૧૩૬ વર્ષ પહેલા સ્વામીજીએ જે ક્રાંતિ કરી વહેમ અને અને ભ્રાંતિ થી આ વ્યસનથી મુકત કર્યા. ભગવાન સ્વામીનારાયણે પણ એજ કામ કર્યું છે. આવો એકેશ્વર સ્થાપીત કર્યો છે. જે સ્વામીજીના ચરણોમાં પ્રીતિ ધરાવે છે તે વ્યસન અને વહેમથી રહીત બને છે. ફરીથી સાગર પેટા સંતના ચરણોમા પ્રણામ કરુ છું. આપ સૌના દર્શન કરી પાવન થયો છુ.... અસ્તુ ધન્યવાદ

## પ.પૂ. સ્વામીશ્રી મોહનાનંદ સાગરજી મહારાજ

ભાવિક ભકતો ભાઈ બહેનો

આજે આપણે આપણા સદ્ગુરુ ભગ. શ્રી અનન્ત શ્રી વિભુષિત ત્યાગમુર્તિ, જ્ઞાનમુર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી નો ૧૩૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ પ્રસંગે ભેગા થયા છીએ 'યસ્ય દેવે ...' ભગવાન શંકર પોતાના ધર્મ પત્નીને કહે છે કે જેવી ભકિત પરમાત્મામાં હોય તેવી જ ભકિત ગુરુમાં હોવી જોઈએ. આદ્ય જગદ્ગુરુ શંકરાચાર્યને ચાર શિષ્યો હતા તેમાં તોટકા ચાર્ય સેવામાં હતા. એકવાર શંકારાચાર્ય સ્વાધ્યાય શરૂ કરવા રાહ જોઈ રહ્યા હતા. તો બીજા શિષ્યો કહે કે તે આવે કે ન આવે શુ ફરક પહે, શરૂ કરી ઘો તો તોટકાચાર્ય શંકરાચાર્યના કપડા ધોતા હતા તો ડાઘ જતો ન હતો. તો તે ચુસ્યો તો જયારે આવ્યા ત્યારે 'વિદિતા ખિલ....' એ બોલતા બોલતા પધાર્યા તો બીજા શિષ્યોને થયુ કે આતો વિદ્વાન છે, તુલસીદાસજી કહે છે **'ગુરુબીન ભવનિધિ...'** ગુરુ વિના કોઈ ભવસાગર તરી શકતું નથી.

સદ્ગુરુના ચરણોમાં પ્રાર્થના કરીએ કે તેઓ આપણને જ્ઞાન વૈરાગ્ય મોક્ષના ભાગી બનાવે કોઈને કોઈ વાતની ખામી ઉણપ ક્ષતિ ન રહે

**પ.પૂ. સ્વામીશ્રી અસંગાનંદ સરસ્વતીજી મહારાજ**

માધવાનંદજી મહારાજના ચરણોમાં શ્રદ્ધાસુમન અર્પણ કરુ છું.

આખી પૃથ્વીમાં ભારત એવો દેશ છે જયાં દુનિયામાં સૌથી જુની સંસ્કૃતિ જીવંત છે. જે મરી નથી. પેલા પણ ઘણી સંસ્કૃતિ જન્મી હશે પણ આજે કોઈનું નામ નથી તેના ભૌતિક અવશેષો હશે. જેમ શરીરમાં રહેલી ચેતનાથી તે જીવંત લાગે છે. એમ સંસ્કૃતિમાં રહેલી ચેતના બ્રહ્મવિદ્યા છે. આ પ્રવાહ નિરંતર વહેતો રહ્યો છે. કયારેક એ જ્ઞાનગંગાનો પ્રવાહ ઓછો થયો હશે તો સંતો તેને પુનઃ પુનઃ જીવન આપતા રહ્યા છે. શ્રી શંકરાચાર્યે આખા ભારતમાં ફરી નવું જીવન તેમના કાળમાં આપેલુ. બ્રહ્મવિદ્યા સાગર છે. જેમાં બધા વિલિન થાય છે માધવાનંદજી આ જ્ઞાનને ગામડા સુધી લઈ ગયા. આ જ્ઞાન જે ઈન્ટેલીજન્ટ હોય તે જ આ વિદ્યા લઈ શકે છે. આ પરંપરાને હું ખરેખર વંદન કરુ છું વિદ્વાન હોય તે સરળ વાતને અઘરી બનાવે જયારે સંત હોય તે અઘરાને સરળ બનાવે. બ્રહ્મવિદ્યા એવી વિદ્યા છે કે જો થોડો પણ પ્રકાશ થાય તો કોઈ પ્રશ્ન રે'તા નથી. આ ભૂમિ એવા સંતોથી પાવન થયેલી છે. આપણું હૃદય એ જ્ઞાનથી દિપ્તીમાન થાય એવી સંતોના ચરણોમાં પ્રાર્થના...

**પ.પૂ. સ્વામીશ્રી ભુમાનંદ સાગરજી મહારાજ**

ધર્મપરાયણ ભાઈઓ માતાઓ બહેનો,

પરમ કૃપાળુ પરમાત્માની મહતી અનુકંપાથી આપણું અહોભાગ્ય છે. જે જ્ઞાન પરંપરા ચાલી રહી છે **'નારાયણં પદ્મભવં....'** એ પ્રવાહની અંતર્ગત આપણા સર્વનું કલ્યાણ કરવાવાળા અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરવાવાળા જે આત્મરૂપથી વિદ્યમાન છે તેના અનુભવ કરાવવાવાળા જે માધવાનંદજી મહારાજનો ૧૩૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવી રહ્યા છીએ. જીવાત્મા પોતાના જીવનની અંદર જો ગુરુમુખ થાય તો તે લાભ લઈ શકે છે. સદ્‌ગુરુ ભગવાનના શરણે જાય તેના **'ભિદ્યન્તેહૃદયં....'**

એટલું જ નહી આપણી અંદર રહેલા બ્રહ્મનો તેને સાક્ષાત્કાર થાય છે. જે પરમાત્મા આપણા જીવનની અંદર સત્ ચિત્ આનંદરૂપ થી વિદ્યમાન છે. બ્રહ્મલાભથી શ્રેષ્ઠ બીજો કોઈ લાભ નથી. મુક્તિ લેવી હોય તો સદ્‌ગુરૂના શરણે જવું. કહેવાનો મતલબ છે કે જો ગુરુભક્તિ કરે તો

**ભ - કલ્યાણ કરે**

**ક - જ્ઞાન પ્રદાન કરે**

**ત - દ્વૈત ભાવના દૂર કરે અને અદ્વૈત ભાવના કરાવે**

સદ્‌ગુરુ ભગવાન સર્વ પ્રકારના દુઃખથી પાર કરે છે. ભ્રાંતિને દૂર કરે છે તો આવો આપણે પણ આ સંતોના ચરણોમાં મન સમર્પિત કરીએ. એ અત્યારે પણ આપણા હૃદયમાં વિદ્યમાન છે. તે સચ્ચિદાનંદ સ્વરૂપે રહેલા છે. તેની અનુભૂતિ થાય આપણે ગુરુભક્તિથી પરિપુર્ણ બનીએ

**પ.પૂ. સ્વામીશ્રી કૃષ્ણદાસજી મહારાજ**

પરમકૃપાળુ ભગવાનના અસીમ અનુગ્રહથી આ દિવ્ય મહોત્સવનું આયોજન થયુ. આ આયોજન બડભાગી છે. અને વિશેષ આપણે ત્યાં નિરંજન પીઠાધીશ્વર સ્વામી શ્રી પુણ્યાનંદ ગિરીજી મહારાજ તથા સાધના સદન હરિદ્વારથી જયા ૩૬૫ દિવસ સત્સંગ ચાલુ રહે છે તેના આચાર્ય મહામંડલેશ્વર સ્વામી શ્રી વિશ્વાત્માનંદ પૂરીજી મહારાજ અહી પધાર્યા છે. ૧૩૬ માં નિર્વાણ મહોત્સવે ગુરુભક્તિ વિશે આપણે ખુબ સાંભળ્યું,

એક માણસે ખુબ સરસ મકાન બનાવ્યું તેને થયું કે મારા જેવો સુખી કોઈ નથી. અને એ જ ગામામાં એક મહાત્મા પાસે તે અવાર નવાર જાય. તે મહાત્મા પાસે ગયો તે કહે કે મેં બહુ સુંદર મકાન બનાવ્યું છે ત્યાં તમે પધારો તો આવ્યા ને એક રૂમ બતાવ્યો ને કહે કે મારા જેવો કોઈ સુખી ખરો ? મહાત્મા કાંઈ ભુલે નહી, બધું બતાવ્યું અને ફરી બોલ્યો 'મારાં જેવો કોઈ સુખી ખરો ?' તો પેલા મહાત્મા બોલ્યા 'આ બધું શાશ્વત છે ? ....' તો તુ સુખી શાનો ? વર્ષમાં બે વાર આવા ઉત્સવ થાય છે. ૩૬ વર્ષથી અમે સ્વામીજીના સમાગમમાં આવ્યા. આ સાથે શ્રદ્ધાંજલી અર્પણ કરુ છું.

**પ.પૂ. સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ**

તત્ત્વ જિજ્ઞાસુ ભક્તજનો

આજે હું ને તમે બધા સુંદર અવસર માટે એકત્રીત થયા છીએ. પ.પૂ. સ્વામીશ્રી માધવાનંદજી મહારાજના ૧૩૬ માં નિર્વાણ જયંતિ મહોત્સવે આપણે સુંદર પ્રવચન શ્રવણ કરીએ છીએ. ગુરુભક્તિ વિશે એક નાનું દ્રષ્ટાંત સમજાવું ગુરુભક્તિ કોને

કહેવાય ? ગુરુની સેવા કરવી એ ગુરુભક્તિ.

બે શિષ્યો હતા. ગુરુની સેવા કરતા. બંને એક એક પગ દબાવે એક ડાબો ને એક જમણો એકવાર એક શિષ્ય નહોતો આવ્યો. તો પેલા બીજા શિષ્યને તેના પર દાઝ હતી તો તેણે જમણા પગને બરાબર ટીચ્યો એના પગને માર્યો. બીજે દિવસે બીજો શિષ્ય આવ્યો તો તેણે જમણા પગની સારવાર કરી અને ડાબા પગને માર્યો આ એની સેવાનું ફળ થયું ? ગુરુ સેવા કોને કહેવાય ? ગુરુના વચનમાં શ્રદ્ધા હોય.

**'જલે વિષ્ણુ ....'** પછી કોઈની સાથે દ્વેષ કરીએ તો ગુરુના જમણા પગને દુઃખ આપ્યા બરાબર છે. બધાની સાથે સહાનુભુતિનું દર્શન કરીએ તો ગુરુભક્તિ કરી કહેવાય. સમજણ રાખી ગુરુ સેવા કરવાવાળો કલ્યાણનો ભાગી થાય છે. સચ્ચિદાનંદ ઘન પરમાત્મા સર્વવ્યાપી છે. એ રીતે જીવીએ તો ગુરુભક્તિ કરી કહેવાય. ત્યારે એ કલ્યાણનો ભાગી થાય છે. 'ખોટું હોય તો પાછું આપજો' ગુરુભક્તિ આ છે.આટલું કહી મારી વાણીને વિરામ આપું.

### પ.પૂ.સ્વામીશ્રી માધવતીર્થજી મહારાજ,
### ૐ કાર સાધનાશ્રમ, લાભવેલ, આણંદ

વ્હાલા ભક્તો,

કેટલા વર્ષોથી આપણે પ.પૂ. ગુરુ મહારાજનો નિર્વાણ જયંતિ મહોત્સવ મનાવી રહ્યા છીએ. ઉપદેશ આપવાનું બહુ સહેલું છે. કરવાનુ બહુ કઠીન છે. એટલે ખરેખર અમે ઉપદેશક થઈ ગયા છીએ. ગુરુભક્તિ સમજાવી રહ્યા છીએ. આપણે સહુ સાથે મળીને ગુરુભક્તિ કરવી છે. કેટલા બધા લોકો એવું માને છે કે ગુરૂની સેવા કરવી અને કેટલાક માને છે કે ગુરૂએ બતાવેલ માર્ગે ચાલવું. સારી શાલ આપે ગુરૂજી ખુશ થઈ જાય ? સારું ઘી ખવડાવો તો ગુરુજી ખુશ થઈ જાય ? એવો વિચાર કર્યો ખરો કે કેવું કરીએ કે ગુરુજી ખુશ થઈ જાય ! ગુરૂની સેવા કરતા કરતા ગુરૂએ આપેલ ઉપદેશ પર ચાલવું જોઈએ. ગુરૂ આપે છે, ગુરૂ લેતા નથી એ તમને ખેંચે છે એટલે તમે અહી આવો છો. જયાં સુધી પુર્ણત્વ શિષ્યત્વ ન હોય ત્યાં સુધી ગુરુ સમજાતા નથી. જાણો, સમજો અને પછી કરો. ગુરૂજી પાસે આપણે એકત્રીત થયા છીએ હવે તમે અહીંયા શા માટે આવ્યા છો ? સારા આર્શિવાદ આપો પણ ગુરૂ માંગણ વૃત્તિ છોડાવી દે છે. ગુરુ તમને પાત્ર બનાવે છે. બહેનો માટલા લેવા જાય ત્યારે ટકોરા મારે કે પાણી રહેશે કે નહી આપણે એમ પાત્ર બનવાની જરૂર છે.

કાંઈ જો'તુ નથી. અમારી શક્તિ નથી પણ અમારું માંગવુ છુટી જાય અને તમારામાં અમારો પ્રેમ અટલ રહે..

### પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ

પ્રિય સજ્જનો

આજે આપણે પરમ પૂજનીય અર્ચનીય વંદનીય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજના ૧૩૬ માં નિર્વાણ જયંતિ મહોત્સવે એકત્રીત થયા છીએ. ગુરુભક્તિ વિષય છે. જાજુ ન કહેતા એક શબ્દ બોલીશ ભક્તિ કોને કહેવાય ?

**ભક્તિ કરવી તો પાનબાઈ રાંક થઈને રહેવું**
**મેલવા અંતરના અભિમાન**

ભક્તિ એને કહેવાય કે રાંક થવું પડે. સંસારના વૈભવનું અહં લઈને ગુરુની સેવા કરીએ. ભક્તિ કરીએ તો ભક્તિનો રંગ લાગતો નથી. પાનબાઈ કહે ભક્તિ કરવી હોય તો માન-અભિમાન છોડીને બેસી જાવ ભલે વિદ્વાન હોય પણ માન-અભિમાન છોડીને ગુરુપાસે જઈએ તો ભક્તિ કરતા કરતા...

**'ભક્તિ કરતાં છુટે મારા પ્રાણ...**
**રહે જનમો જનમ.........'**

બસ, ગુરુ મહારાજની ભક્તિ કરતા કરતા જ્ઞાન પ્રાપ્ત થાય અને દેહાધ્યાસ છુટીને સ્વસ્વરૂપની અનુભૂતિ થાય એ જ માધવાનંદજી મહારાજના શરણમાં શ્રદ્ધાંજલી સમર્પિત છે.

### પ.પૂ.મહામંડલેશ્વર સ્વામી શ્રી સરસ્વતીજી મહારાજ - ગૌત્તમેશ્વર મહાદેવ શિહોર

ભક્તિમતી માતાઓ સજ્જનો

વિચાર કરો કે ૧૩૬ વર્ષ પછી કેમ યાદ કરતા હશુ ? ભાવાંજલી શ્રદ્ધાંજલી અર્પણ કરીએ છીએ ? **'ત્યાગાચ્છાન્તિરનન્તરમ્'** કેવો ત્યાગ કર્યો વિચાર તો કરો જુનો રિવાજ જયારે ચાલતો હોય વહેમ, વ્યસન, દુરાચારની આંધી હોય એવા કપરા સમયમાં જેણે સમજાવ્યા તેને યાદ કરવા. હવે તેમને પૂછે કે ચાર પેઢી પેલાના દાદાની તીથી કઈ છે એ યાદ નથી પણ આજે પણ આપણે તેમને યાદ કરી રહ્યા છીએ. અને એ ઉપદેશ પાલન કરવાનો બોધ આપણને સ્વામી જગદીશાનંદ સમજાવી રહ્યા છે. એમ સમજતા નહી કે કાંઈ ખબર નથી પડતી. બધી ખબર પડે છે. ખૂબ

ભુખ લાગી હોય અને એઠી થાળી લઈને બેસો તો, થાળી તો સારી લો યાદ રાખજો આપણી બધાની થાળી એઠી છે.

શ્રી શંકરાચાર્યને કેટલું દુઃખ થયુ હશે એને 'મુઢ' કહેવું પડયુ. આ સંતો ઘરબાર છોડીને તમને જગાડવા આવે છે. **'ઉત્તિષ્ઠતઃ જાગ્રતઃ...'**

અહી બેઠેલા સજ્જનોને પૂછવામાં અવો કે શું કર્યું તો કહેશે કે પાલડીમાં બંગલો બનાવ્યો, સુરતમાં બંગલો, મુંબઈમાં .... પછી શું ? છોકરના લગ્ન કર્યા. આ બધું તો પશુ-પક્ષી પણ કરે છે.

**'આહાર નિદ્રા ભય...'**

એકવાર મરવાનું જ છે. ઘણાં વેપારી કહે કે સ્વામીજી મરવાનોય ટાઈમ નથી... એ તો મુળો ખેંચે તેમ ખેંચી લેશે . પારેવાને ચણ નાખો તો ખાશે પણ કયારેય ચાંચમાં લઈ જતા જોયા ? એને ખબર છે કે કાલે ભગવાન આપવાના જ છે અને આપણે...

કેટલાક મંદિરમાં સવારે મંગળાના દર્શન કરવા જાય ને પતિને તાવ આવતો હોય તો... ભાઈમાં ભગવાન ન દેખાય, પત્નીમાં ભગવાન ન દેખાય, પતિમાં ભગવાન ન દેખાય તો પાષાણની મૂર્તિમાં કયાંથી દેખાય. **'સીયા રામ મય....'** કોઈને સહન નથી કરવું.

'જગતને કોણ જીતે છે સહન કરનાર જીતે છે હસીને ભાર સંકટનો, સહન કરનાર જીતે છે'

અમારી સેવા અમારી પ્રત્યે ભાવ બહુ રાખો છો, એટલે તમારા માટે કહું છું કે આના આ ભવમાં મુક્તિ જો'તી હોય તો તમારા પતિને પગે લાગજો.

**પતિબ્રહ્મા પતિર્વિષ્ણુ પતિદેવો મહેશ્વર**
**પતિ સાક્ષાત્ પરંબ્રહ્મ, તસ્મૈશ્રી પતયે નમઃ।**

તમારા પતિ બ્રહ્મા વિષ્ણુ કરતા શ્રેષ્ઠ છે એવો ભાવ કરીને પગે લાગજો. અવશ્ય કલ્યાણ થશે. નર્મદા કિનારે સતિ અનસુયાને આશ્રમે જજો કઈ રીતે સેવા કરતા ! પતિમાં ગમે તેવા લક્ષણ હોય તોય પગે લાગજો.

જાજુ ન કે'તા આ બધાનું કલ્યાણ થાય. રવિવારે રસોડા બંધ થાય. જેના તેના હાથનું ખાય તો મન કયાંથી સ્થિર થાય. પવિત્ર મનથી રસોઈ બનાવો તો ભગવાન તરફ વળશે.

હરિ ૐ તત્સત હરિ ૐ

## પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી વિશ્વાત્માનંદ પુરીજી મહારાજ

શ્રધ્યે ભક્તિમયી માતાઓ સજ્જનો

આજ પ.પૂ. માધવાનંદજી મહારાજ અપના લોકપાવન પાંચ ભૌતિક શરીર ત્યાગ કર કે અપને નિર્વાણ બ્રહ્મ સ્વરૂપ કો પ્રાપ્ત હુએ ૧૩૬ વર્ષ પુર્ણ હો રહે હૈ તબ ભી ઉસકા સંસ્મરણ કરનેવાલે કી સંખ્યા દીનોદીન બઢતી હી જા રહી હૈ એ સમય બહુત લંબા હૈ અપને લાગો કો ભી ઈતને સમય કોઈ યાદ નહી કરતા ઔર ઉન્હે શ્રદ્ધાંજલી દેને કે લીયે વિદેશ સે ભી સાગર ગણ આતે હૈ. ઉન્કે ઉપકાર કો ધ્યાનમેં રખકે પ્રતિવર્ષ આપ બડે ઉત્સાહ કે સાથ જહાં ભી હોતા હૈ આપ વહા જા કે શ્રદ્ધાંજલી દેતે હૈ શાસ્ત્ર કહતા હૈ કી હમ ગુરુજી કે ભક્તિ કરો વે ઉન તક પહુચતી હૈ કી નહી ? એ હમ નહી જાન પાતે પર હમારી ભક્તિ ઐસી હોની ચાહીએ હમારા સમર્પણ એસા હોના ચાહીએ કી જૈસે બીલ્લી કા નવજાત બચ્ચેકા ઉસકે મા કે પ્રતિ હોતા હૈ બચ્ચે કો માલુમ હૈ કી મેરી મા મેરા અહીત નહી કરેગી. તેજ ધાર વાલે ઉસકે દાંત ઉસકે મુહ મે હૈ ઉસસે મુજે ચોંટ ન આને દેગી ઉસી તરહ ગુરુ કે પ્રતિ સમર્પિત હો ગુરુદેવ ઉસકા વરણ કરતે હૈ. શિષ્ય કે રૂપમે સ્વીકારતે હૈ ઉસે અપના પારમાર્થિક સ્વરૂપ અનુભવ કરાતે હૈ આપ ભાગ્યશાળી હો જીન્હોને અપને જીવનમે અદ્વેત સિદ્ધાંત કા પ્રસાર-પ્રચાર કીયા કભી ન કભી શરીર જાના હોતા હૈ તો જાને સે પહલે આજ તક કે પીઠાધીશ્વર મહારાજ કે ગુરુ પરંપરા કે પ્રતિ આપકા જો સમર્પણ હૈ ઉસીસે અવશ્ય કલ્યાણ કરેગા ઉસી કે સાથ વાકય પુષ્પાંજલી સમર્પિત કરતે હૈ.

## પ.પૂ. નિરંજન પીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામી શ્રી પુણ્યાનંદ ગિરિજી મહારાજ

યે શ્રદ્ધાંજલી હમ સે પુર્વ વકતા જો બોલે મેરે લીયે તો કુચ નહી બચા હમ તો ટાઈમ પાસ...

ભક્તિ માને પ્રેમ. સમજો છો આપ હિન્દીમાં બોલુ છુ. પ્રેમ વ્યકિત હર ચીજ સે કરતાં હૈ નોટો સે ભી પ્રેમ હોતા હૈ ઔર સંસાર કી જીસ ચીજ સે આપ પ્રેમ કરતે હો વો આપકો રુલાતા હૈ.

યે ભી ઈશ્વર કી લીલા હૈ ઔર ઈસમે પરમાત્મા કીતને લોગો કો ઈકઠ્ઠા કરેગા ઉસકી કોઈ સીમા નહી હૈ.

હર સાલ નયે પત્તે આતે હૈ, નયી વસંત આયેગી એ જ્ઞાન કી પરંપરા મે આને વાલે વસંત હૈ માધવાનંદજી, અખંડાનંદજી .... યે સબ વસંતો કી પરંપરા હૈ આપ ગુરુ કી તિથી મનાને શરીર છુટને કે બાદ ભી આઓગે એ શરીર તો ખેલ હૈ. જો આપ ગુરુ કો ગુરુ માન રહે હૈ. જગત કો મિથ્યા માન રહે હૈ, જ્ઞાન કો જ્ઞાન માન લેંગે. મુક્તિ ન મિલે તો ભી ચલેગી બારબાર જન્મ લે કે હમ ગુરુજી કી ભક્તિ કરેગે યે સંસ્કાર આપ કે અંદર હોગા યે અનંત મે જાકર રહેગા. યહ કહ કર અપની વાણી કો વિરામ દેતા હું.

**પ.પૂ. માધવપીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીજી મહારાજ શ્રી**

પ્રિય સજ્જનો

પરમાત્માની મહતી અનુકંપાથી આપણે બ્રહ્મલીન પ.પૂ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સ્વામીજી શ્રી માધવાનંદજી મહારાજના નિર્વાણ જયંતિ મહોત્સવના ઉપલક્ષની અંદર મહાપુરુષોના મુખારવિંદથી શ્રદ્ધાંજલી અર્પણ કરી રહ્યા છીએ. પોતાનો કીંમતી સમય આપી અહી પધાર્યા છે. જે વિષય આપણે સાંભળ્યો ગુરુભક્તિ. ભક્તિ એટલે પ્રેમ. પરમાત્મામાં પ્રેમ કરવો તેનો અર્થ છે ભક્તિ. નિત્યમાં પ્રેમ કરવો તે ભક્તિ. અને અનિત્યમાં પ્રેમ કરવો તેનું નામ મોહ, ગીતામાં ભગવાન કહે છે હે અર્જુન આ લોક અનિત્ય છે.

સદ્‌ગુરૂનો સમાગમ કરવાથી સાચા સુખના ભાગીદાર થવા માટે પ્રાર્થના કરે છે પરમાત્મા સર્વને સુખ સંપત્તિવાન બનાવે સાચા સુખના ભાગીદાર બનાવે.

સર્વત્ર....

ૐ પુર્ણ મદઃ

**<u>॥ શ્રધ્ધાંજલી ॥</u>**

**ગામ પાલડી, (હાલ અમેરીકા) સ્વ.તુલસીભાઈ કરશનભાઈ ભરોડીયા (ઉંમર વર્ષ ૬૮) સંવત ૨૦૭૩ માગશર વદ ૭ તા. ૨૦/૧૨/૨૦૧૬ ને મંગળવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. તેઓશ્રીએ પ.પૂ. બ્રહ્મલીન સદ્‌ગુરૂ સ્વામીજી મહારાજશ્રીની તેમજ વર્તમાન માધવપીઠાધીશ્વર સ્વામીજી મહારાજશ્રીની અમેરીકામાં સાથે રહીને તન-મન-ધન થી અનન્ય સેવા કરતા હતા. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

## ભજન

**રજુ. મધુબેન પી. ભીકડીયા (ઉખરલા)**

**॥ જય સચ્ચિદાનંદ ॥**

ગુરૂ અંતર કબાટને ઉઘાડ જો રે,
તેને ખરે ખરી ચાવીયુ લગાડ જો રે... ગુરૂ અંતર...
સંસાર મીઠો પણ કડવો ઝેર છે રે,
એની નબળી દ્રષ્ટિમાં કાળો કેર છે રે... ગુરૂ અંતર...
કામ ક્રોધ-મોહ લોભ ચાર ચોર છે રે,
એની દશે ઈન્દ્રિયમાં ઝેર છે રે... ગુરૂ અંતર...
સાત સમુદ્રની વચ્ચે એક નાવ છે રે,
ગુરૂ તારવાને કેટલીક વાર છે રે... ગુરૂ અંતર...
જીવન ભક્તિ વિનાનું તારૂ ધૂળ છે રે,
સદ્‌ગુરૂ વિનાનું બધુ દૂર છે રે... ગુરૂ અંતર...

ગુરૂ પીપળીયા ગામમાં અવતર્યા રે,
ગુરૂ ઉજાળ્યું ગાબાણી કુટુંબ ને રે... ગુરૂ અંતર...
ધન્ય ધન્ય જગાદાદા તાત ને રે,
એવી ઉજાળી પુંજીબાની કૂખ રે... ગુરૂ અંતર...
ગુરૂ પામર જીવોને ઉગારીયારે,
રૂડો દીધો સત્સંગનો લાવ રે... ગુરૂ અંતર...
એવી વૈશાખ સુદ એકાદશી રે,
એવા સુઘડમાં થયા બ્રહ્મલીન રે... ગુરૂ અંતર...
એવી ચાણોદમાં સમાધી શોભતી રે,
એવો જળહળ જ્યોતિનો પ્રકાશ રે... ગુરૂ અંતર...

જેના હૃદયપટ પર જેટલા કંકર છે તેટલા શંકર અને તીર્થંકર છે!

જયાં ઘરરૂપી હૃદય આંગણે તુલસીકયારા અને શાલીગ્રામ શોભાયમાન છે, જયાં ગંગા, ગાય, ગાયત્રી, ગણપતિ, ગુરૂજી, ગોવર્ધન, ગોવિંદ ગૌરી-શંકર, એવં ગ્રામદેવતાની નિત્ય દિન પૂજા-અર્ચના-વંદના થાય છે એવી ભારતભૂમી સ્વર્ગથી પણ મહાન, અલૌકિક અને અનન્ય છે !!

આવા ભારતમૈયાના પાવન ખોળે ચંદ્રવંશી શિરોમણી પરમાત્મા શ્રીકૃષ્ણ એવં સૂર્યવંશી શિરોમણી મર્યાદા પુરુષોત્તમ પરમાત્મા શ્રી રામને પણ અવતરવાનું મન થયું છે! અહીં વટ,વચન અને વેર એ સત્ય અને ધર્મના ત્રાજવે તોળાઈને અમર ઈતિહાસ બની ગયા છે!

આ પાવન ધરામાંથી અસંખ્ય-અગણિત સતી-જતી-સંત-શુરા શહીદ એવં ખમીરવંતાઓરૂપી અણમોલ મોતી નીપજેલા છે જે ધર્મ ખાતર જીવન ન્યોચ્છાવર કરી જનની, જન્મભુમિ એવું રાષ્ટ્રભુમિ એમ ત્રણ કૂખને ઉજાગર કરી ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠ પર નામ અંકીત કરી ગયા છે!

આવા ભારતવર્ષના પશ્ચિમ કિનારે અરબ સાગરના ઊછળતા ઊતંગ મોજાઓ જેમના પગ પખાળે છે, જેના મસ્તક પર જાણે ગિરનારરૂપી મુકુટ શોભે છે, જયાં સાવજોની ડણક દશેય દિશાઓને ધ્રુજાવે છે, જયાં સાક્ષાત સોમનાથ મહાદેવ એવં દ્વારકાવાળો બિરાજમાન છે, જયાં ડુંગરે ડુંગરે માં જગદંબાના બેસણા છે, જેના હૃદય આંગણમાંથી અનેક નદીઓ સંગમ કરી વહી રહી છે, જયાં માયાળું મનખાઓના મેળાવડા જામે છે, જેની ગાથા લખતા લખતા કવિઓ અને લેખકો ગાંડાતુર બની જાય છે, જેના નમણા નર ને નાર શોભાવૃદ્ધિ કરી રહ્યા હોય, જેના હૃદય આંગણાને અવનવા વફાદાર અશ્વો અલકમલકથી આવી નૃત્ય કરી ખુંદતા હોય, આજેય પણ દેશી, ગિર એવં કાંકરેજી ગાય-ભેંસની દૂધ-ઘીની સરવાણી ચાલુ છે તેવી ગુર્જર ધરા અને ખાસ કરીને સોરઠ, કાઠીયાવાડ એ ગુર્જર મૈયાના જાણે અમૂલખ કંકણ છે પણ શિવજીના કપાળ જેવો અમારો ભાલપ્રદેશ એ તો મૈયાના ભાલ પરનું જાણે પાવન તિલક છે!

પાંચ હજાર વર્ષ પહેલા આ પંથકમાં પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન વિચરણ કરેલું આજનું ત્રિનેત્રેશ્વર (તરણેતર) એ દ્રોપદીજીનું પિયર હતું. વિરાટનગરી (ધોળકા) આજેય ભીમનું રસોડું અવિસ્મરણિય યાદોને સંઘરીને અડીખમ ઉભુ છે ! ધંધુકા તાલુકાનું ભીમનાથ એ નાનું સોમનાથ કહેવાય છે અહીં શ્રાવણી પૂનમ અને ભાદરવી અમાસે ભવ્ય મેળા ભરાય છે ! નીલકા નદીના કાંઠે અર્જુનજીના ઉપવાસના પારણા કરાવવા ભીમે શિવલીંગની સ્થાપના કરેલી એના અનુસંધાને સાક્ષાત શિવજી પ્રસન્ન થયેલા, એ પ્રાચીન ઈતિહાસ પાંડવકાળના સંસ્મરણો વાગોળી માનવ હૈયા પર જીવંત છે ! આ ભુમી પૂજય માધવાનંદજી મહારાજની તપોભૂમી ગણાય છે ! અહીંથી પાણાનો ઘા કરો તેટલા અંતરે પંખીના માળા જેવડુ નાનકડું આકરૂ ગામ આવેલું છે, માધવપુર કહીએ તો કોઈ અતિશયોક્તિ નથી !!

આમ તો જદુવંશી જાદવ રાજપુતો અને મુંછવા ભરવાડોએ આ ગામનો સ્તંભ રોપેલો તેવું કહેવાય છે ! અક્રુરજીના નામ પરથી આકરૂ પડયુ હશે કારણ પાંડવો અને શ્રીકૃષ્ણની આ વિચરણ ભુમિ હતી ! આ ગામની ઉત્તર દીશાએ સુંદર તળાવ છે, તરુઓ, મંદીરો એવં કૂવા વાવથી શોભતું આ તળાવ અનેક પક્ષીઓનું અશ્રયસ્થાન છે. રાત્રીના સમયે સસલા, હરણ તથા અનેક જાનવરો પાણી પીવા આવતા હોય છે ! માછલી, મોર, સસલાં, કે નીલગાય જેવા પશુઓના શિકાર કરવા પર સંપુર્ણ પ્રતિબંધ છે ! પુજય શિવોહંસાગરજી મહારાજનો એક કુવો આજેય સ્વામીજીના કુવા તરીકે અડીખમ ઊભો છે ! કહેવાય છે કે સ્વામીજી તેના જળનો સ્નાન કરવામાં અને પીવામાં ઉપયોગ કરતાં !

ગામની મધ્યમાં પરમ પૂજય સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની પાવન સમાધિ છે ! અલૌકિક, અનન્ય એવં પાવનકારી આ સમાધિ થકી આ ગામ અત્યંત ધાર્મિક છે, છેવાડાનો માણસ પણ સુખ શાંતિ અનુભવે છે ! કઠીન દુકાળ સમયે પણ કૂવાના પાણી ખુટ્યા નથી તેવી સ્વામીજીની મીઠી મહેર છે ! બધી જ કોમના માણસો સંપીને રહે છે, વ્યસન, ઝઘડા-કજીયા-કંકાસ-વેરઝેરને અહીં સ્થાન નથી પણ ઉત્તરોત્તર પ્રગતિ માટેની હરીફાઈ છે ! આ ગામના ભાડીયા કુવાએ ટોપરા જેવાં મીઠા પાણી થકી જેઠુભા બહારવટીયા, ગુજરાતના લોકલાડીલા

સાહિત્યકાર શ્રી જોરાવરસિંહ જાદવ, ગુજરાત રાજયના બજરંગદળ પ્રમુખ શ્રી રણછોડભાઈ ભરવાડ, શ્રી ચંદ્રસિંહ ચુડાસમાના દિકરા ડે.કલેકટર, મામલતદાર, ડે.મામલતદાર, ડી.વાય.એસ.પી. જેવા અમલદારો એ આ ગામની માટીની મીઠી મહેક છે ! પણ આપણા માધવપીઠાધીશ્વર મહારાજશ્રી જગદીશાનંદજી સ્વામીજી એ આ પાવનધરાનું અમુલખ મોતી છે બાપ ! જનની, જન્મભુમી એવં રાષ્ટ્રભૂમિ એવી ત્રણેય કુંખ ઉજળી કરી છે ! આવી અતિપાવન ધરામાંથી વેદાંતાચાર્ય નીપજે એ તો કુંળ એવં ગામના ગર્વ અને ગૌરવની વાત છે ! આખાયે ભારતવર્ષમાં ડંકો વાગી રહ્યો છે એવા સદ્‌ગુરૂ થકી ઘરઆંગણે ગીતારૂપી ગંગાનું અવતરણ એ તો માધવ પરિવારનું અહોભાગ્ય લેખી શકાય !

સ્વ. દાનુભા એવં સ્વ.પામબા તથા સ્વ.ગંગાબાનાં ચાર દીકરાઓ શ્રી જોરાવરસિંહ જાદવ, બળવંતસિંહ જાદવ, અજીતસિંહ તથા માધવસિંહના પરિવાર થકી ભાગવત કથાનું આયોજન થયું ! મારું બાળપણ પરિવારના ખોળે ઉછરેલું છે ! ખુબ ગર્ભશ્રીમંત પરિવાર એટલે કે નાનું એવું રજવાડું ! અસલ રાજપુતાઈ રૂધિર નસે નસ માં વહે, નિશાનબાજી અને ઘોડેસવારી વિરાસતમાં મળેલી, સ્વ.દાનુભા બાપુનો સાતસો-આઠસો વીઘાનો વભો અને ભાલપંથકથી લઈ કાઠીયાવાડ સહ સોરઠના સીમાડા સુધી તેમના નામનો ડંકો વાગે ! લીંબડી સ્ટેટના રાજવી સાથે પણ ખૂબ સુમેળ, બેંકના ચેરમેન, સહકારી શાખા જીનના ચેરમેન, જેવા હોદ્દા સંભાળે પણ કોઈ માન કે મદ લેશમાત્ર નહી ! ઘોડા, ગાયો, અને ભેંસોના ખુબ શોખીન ! ડેલી માથે મહેમાનો-સગા-સંબંધીનો આવરો જાવરો ચાલુ જ હોય ! ત્યાંથી નીકળેલ અજાણ્યો માણસ પણ ઘડીભર વિસામો લઈ ચા-પાણી પીતો જાય !

ખૂબ ઉંડાણમાં ડોકીયું કરીએ તો સ્વ.દાનુભા એવં સ્વ.ગંગાબાના અંતરે માધવાનંદજીની અતૂટ અને અખુટ ભક્તિના બીજ રોપાયા હતા ! અપાર આસ્થા એવં ઊંડી ધર્મભાવના થકી તેઓશ્રીના હૃદય આંગણે ધર્મ-દયા-કરૂણા-માનવતા અને સમાજભાવનાના અજવાળા પથરાયેલા હતા ! એટલે જ આજે જે માધવાનંદ આશ્રમ અડીખમ ઊભો છે તેના પાયામાં આ પરિવારે ધર્મભાવનારૂપી ઈંટો અર્પેલી છે ! આ પરિવારે ક્ષણનોય વિચાર કર્યા વગર આશ્રમને તમામ ભૂમીદાન કર્યુ અને આપણા ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ પૂ. સ્વામીશ્રી અખંડાનંદસાગરજી મહારાજનું સ્વપ્ન સાર્થક થયું ! ધન્ય છે જાદવકુળના આ પરિવારની સમર્પણભાવનાને ! આ પરિવાર થકી ગુજરાતને લોકસાહિત્યના મુર્ધન્ય લેખક શ્રી જોરાવરસિંહ મળ્યા તથા શ્રી માધવસિંહ જાદવે પણ બિજનેસમેન તરીકે કુળ અને ગામનું નામ રોશન કર્યુ છે ! શ્રી બળવંતસિંહ તથા શ્રી અજીતસિંહ બંને ભાઈઓ ખેતીવાડી સંભાળવા સાથે માધવાનંદ આશ્રમમાં અનન્ય સેવા ઉઘાડા પગે દોડીને કરી રહ્યા છે ! આશ્રમના બાંધકામમાં ખૂબ સેવા અર્પી છે !

આવા સુંદર પરિવારના સુંદર વિચારોની પરીકલ્પના થકી નવા વર્ષના શુંભારંભમાં પૂજય સ્વામીશ્રી જગદીશાનંદજી મહારાજશ્રીના મુખારવિંદથી ભાગવતકથારૂપી ગંગાનું અવતરણ થવાથી આ ગામની દશેય દિશઓ જળ, સ્થળ, જડ-ચેતન તથા અગણિત જીવાત્માંઓ, જીવજંતુ, પશુ-પંખી બધાનુ કલ્યાણ થઈ ગયું ! ચોમાસા દરમિયાન આ પંથકમાં વરસાદ ઓછો પડેલા અને દુષ્કાળની ભીતી દરેક ખેડુતના હૃદયમાં શુળની જેમ ભોંકાતી હતી જે આખો પર વાંચવા મળતી હતી ! પણ જયારે સ્વામીજી સાથે ભાગવત કથા અંગે નક્કિ થયુ તેના અઠવાડીયામાં જ ખુબ વરસાદ પડયો અને કહી શકાય વરસ તો સુધરી ગયુ પણ ભાગવતકથાન આચમન થકી ભવ સુધરી ગયો !

પંખીના માળા જેવું સુંદર મજાનું નાનકડું ગામ, પૂ.સ્વામીજીની પાવન સમાધિ ઝળહળવા લાગી ! માધવ પરિવારની યુવા પાંખે આખીએ જવાબદારી સંભાળી લીધી ! હૃદય આંગણા, ઘર આંગણા, શેરીઓ એવં ગામના પાદરમાં સ્વચ્છતા અભિયાન શરૂ થયું ! દશેક દિવસમાં તો આખુયે ગામ ચોખ્ખું આભલા જેવું થઈ ગયુ ! સુંદર મજાનો સભા મંડપ ઉડીને આંખે વળગે તેવી વ્યાસપીઠનું આયોજન ખરેખર અદ્‌ભુત હતુ ! શ્રોતાઓની બેઠક વ્યવસ્થા અબાલ-વૃદ્ધને એકદમ અનુકુળ હતી ! આખુંયે આયોજન વાડીમાં રાખેલુ હોવાથી કુદરતી સોંદર્ય ઊભરાતુ હતુ !

હરખઘેલા માનવ હૈયામાં આનંદ ઉભરાયેલો જોવા મળતો હતો ! લોક કલા ફાઉન્ડેશનના અનેક કલાકારો થકી રાસ-ગરબા, નૃત્ય થકી શોભાયાત્રા નીકળી ! માધવ પરીવારના બધા જ સભ્યોએ ખુબ ઉમળકાથી આ પ્રસંગને વધાવી ઉંમગભેર ઉજવ્યો ! પૂ. સ્વામીજીના પાવન કર થકી પોથીની પધરામણી થઈ !

વ્યાસપીઠનું સ્થાન પૂજય સ્વામીજીએ ગ્રહણ કર્યુ તે વેળા ખરેખર દુર્લભ કહી શકાય ! એક દિવ્ય, ભવ્ય એવં સૌમ્ય મુર્તિ હજારો હૃદયમાં છવાઈ ગઈ ! સાક્ષાત્ આદ્યગુરૂ શંકારાચાર્યજીના દર્શનનો અર્હોભાવ થયો ! તેજસ્વી વદન જોઈ વંદન કરવાની ભાવના જાગૃત થઈ ! માધવ પરિવાર ખૂબ જ ભાગ્યશાળી છે ! આવા મહાન તપસ્વી પરમહંસ આપણને મળે તે ખરેખર સૌભાગ્યની વાત છે !

જેઓશ્રીના હૃદયમાં વેદોનો નીચોડ સમાયેલો છે, સંગ્રહાયેલો છે તેને ખુબ જ શાંતિથી, ધીરજથી જેમ માતા શિશુને કોઈ ઔષધી પીવડાવે તેમ સ્વામીજીએ ભવપીડા મુક્તિ માટે ભાગવતરૂપી ઔષધી સતત સાત દિવસ સુધી પીવડાવી ! જે ખરેખર અવર્ણનીય, અલૌકીક એવં અનન્ય કહી શકાય ! સંસ્કાર, સંસ્કૃતિ, સમભાવ, સહકાર એવં સનાતન ધર્મની પરાકાષ્ઠાના સાક્ષાત દર્શનનો લ્હોવો ખરેખર અકલ્પનીય હતો. પૂજય સ્વામીજીનું બાળપણ આ માટીમાં આળોટેલું તે પાદર ધન્ય થઈ ગયું ! અહીં જનની અને જન્મભૂમી એમ બે માતાના ઋણ અદા થયા !

સાક્ષાત પરમ બ્રહ્મ પધારી આ ગામની રજે રજને પાવન કરી દીધી ! આખાયે ગામનું વાતાવરણ જાણે હરિદ્વાર બની ગયું ! અબાલવૃદ્ધે મનભરીને લ્હાવો લીધો. ખાસ કરીને શ્રીકૃષ્ણ જન્મોત્સવ રાત્રિ ડાયરો તથા રાસગરબાના આયોજનથી માધવ પરિવાર ખુશીઓથી ગદ્‌ગદીત થઈ ગયો !

આ પરિવારની બધી જ વહુ-દિકરીઓના સંસ્કાર અને મર્યાદા એ તો અણમોલ અલંકાર લેખી શકાય ! વારસામાં મળેલા યજમાનના સંસ્કાર, સભ્યતા, રખાવટ, દિલાવરી, પ્રેમ-ભાવના, દયા લાગણી અને માનવતાના દર્શન થયા વગર ન રહે ! આ ધાર્મિક પ્રસંગ દરમિયાન મહાપ્રસાદનું જે આયોજન થયેલું તે ખરેખર સરાહનીય કહી શકાય ! ધન્ય છે આવી સેવા-ભાવનાને !

સમગ્ર આયોજન દરમિયાન પૂજય સ્વામીજીનું સુંદર માર્ગદર્શન સાંપડવાથી કયાંય કોઈ વિધ્ન કે મુશ્કેલી આવી નથી તેને અંતરભીની કરૂણા કહી શકાય ! શ્રી અજીતસિંહ તથા તેઓશ્રીના ધર્મપત્નિ હેમકુંવરબાએ જશોદા એવં નંદરાજાની જેમ બધા જ સગાસંબંધી તથા માધવ પરિવારને ઉમળકાથી આવકારીમાન-પાન-સન્માન થકી ગૃહસ્થાશ્રમને ઉજળુ કરી બતાવ્યું ! તેઓશ્રીના સંસ્કારી દિકરાઓનું યોગદાન પણ અનન્ય હતુ !

પિતૃઓના મોક્ષાર્થે રાખેલ આ જ્ઞાનયજ્ઞ ખરેખર એક અકલ્પનીય ધાર્મિક અવસર બની ગયો ! સાક્ષાત પરમ કૃપાળુ પરમાત્મા સ્વરૂપ સ્વામીજી શ્રી જગદીશાનંદજી મહારાજે ખૂબજ સાદી સરળ તળપદી ભાષામાં ભાગવતરૂપી ગંગાનું આચમન કરાવી અનેક મુમુક્ષુઓને પાવન કર્યા ! અમૂલખ માનવ જીવનનો મહીમા સમજાવ્યો ! ધર્મ અને પ્રભુના અવતારનો મહીમા ખૂબજ માર્મિક અને સરળ ભાષામાં સમજાવ્યો ! સત્ય, અહિંસા, દયા, પ્રેમ, લાગણી, માનવતા, ધર્મપ્રેમ અને રાષ્ટ્રપ્રેમનું સરળભાષામાં મહત્ત્વ સમજાવી શ્રોતાઓને રસતરબોળ કર્યા ! અહિં પૂજય માધવાનંદજીની સમાધિ, પૂ. અખંડાનંદજીની ચરણપાદુકા એવં પૂજય જગદીશાનંદજી મહારાજની ઊપસ્થિતિ એમ ત્રિવેણી સંગમ થકી ચારેય દિશાઓ વેદોચારથી પાવન થઈ ગઈ !

કોઈપણ પ્રકારનાં ભેદભાવ વગર સમાજના છેવાડાના વ્યકિતએ પણ આવા દુર્લભ અવસરનો લાભ લઈ પાવન થવા લાભ લીધો તે ખરેખર સ્વામીજીની અસીમ કૃપા લેખી શકાય !

આ ત્રિવેણી સંગમ પર અવાર-નવાર આવા સુંદર અવસરો ઊજવાતા રહે ! ધર્મનો વાવટો ફરકતો રહે, માનવતાની ભીની મહેક દશેય દિશાઓને મહેંકાવતી રહે અને આવનાર પેઢી ધર્મ એવં સમાજહિત-રાષ્ટ્રહિત માટે તન-મન-ધન સમર્પિત કરી ગૃહસ્થાશ્રમને ઉજાગર કરતા રહે તેવી અંતરભીની અભ્યર્થના.

સ્વ. દાનુભા બાપુના પરિવારને અંતરના ઉંડાણમાંથી ભાવ ભીના ખૂબ ખૂબ અભિનંદન-વંદન સહ સચ્ચિદાનંદ ! અને પુજય સ્વામીજી શ્રી જગદીશાનંદજી મહારાજશ્રીના પાવન ચરણોમાં સાક્ષાત્ દંડવત્ પ્રણામ ! આપનું ઋણ સદાય અમારા શિરે રહેશે ! અમે બધા તો આપના બાળકો છીએ ! આપની દયા-કરુણા આર્શિવાદ હર હંમેશ માધવ પરિવાર પર વરસતી રહે અને અમે બધાજ આપશ્રીની છત્રછાયાંમાં આવા સુંદર ધાર્મિક અવસરના ભાગીદાર બની સનાતન ધર્મની પરંપરા અને ગીતાના વિચારોને આચમન દ્વારા જીવનમાં ઉતારી મોક્ષના ભાગીદાર બનીએ તેવી ભાવભીની પ્રાર્થના-વંદના !

જ્ઞાનયજ્ઞ સાથે શ્રમયજ્ઞના સહભાગી એવા માધવ પરિવારની યુવા ટીમ તથા નેતૃત્ત્વ કર્તા સુરેશભાઈ, વિક્રમસિંહ, મહેન્દ્રસિંહ, ભરતસિંહ, હેમંતસિંહ તથા જોરૂભાઈ (ભગત) એવં અનેક નાના ભુલકાંઓની ધર્મભાવનાને અંતરભીના જય સચ્ચિદાનંદ.

## કુંવારપાઠાનાં સેવનથી થતાં ફાયદાઓ :

(૧) કુંવારપાઠું વજન ઉતારવામાં મદદરૂપ થઈ શકે. જો તમે ઓછી ચરબીવાળો, ઓછા સુગરવાળો ખોરાક લ્યો, કેલરી માપીને ખાવાનું રાખો અને સાથે-સાથે કુંવારપાઠાનું જયુસ પીવો તો વજન વધુ ઝડપથી ઊતરી શકે છે.

(૨) અત્યારે બજારમાં કુંવારપાઠાનાં જયુસ અને મલાઈ ખૂબ જ મળી રહ્યા છે. પરંતુ એનાં કરતાં સીધો જ એનાં પાનનો તાજો રસ લેવાથી તેનાં દરેક તત્ત્વોનો સંપુર્ણ લાભ મળી રહે છે. તેમાં ગળપણવાળો પદાર્થ ન ઉમેરવો.

(૩) કુંવારપાઠાને તોડીને, સારી રીતે પાણીથી સાફ કરી ઉપરનું કડક પડ કાપી અંદરનો માવા જેવો પદાર્થ ગળી જવાથી પણ તેના ફાયદાઓ મળે છે, જેમ કે કબજિયાત દૂર થવી, લોહીનું શુદ્ધિકરણ થવું વગેરે.

(૪) કુંવારપાઠનાં રસને પાણી સાથે મીકસ કરી દિવસમાં બે વખત પી શકાય છે. આ ઉપરાંત તેને ગાળીને મોઢા પર લગાવવાથી ચામડી સુંદર અને સુંવાળી બને છે.

(૫) આપણાં શરીરને કુલ ૨૧ એમીનો એસીડની જરૂર હોય છે, જેમાથી ૧૮ તો માત્ર કુંવારપાઠામાંથી જ મળી રહે છે.

(૬) કુંવારપાઠાનું જયુસ સાંધાનાં દુઃખાવામાં સવાર-સાંજ સેવન કરવાથી અને દુઃખતા સાંધા પર લગાવવાથી વિશેષ ફાયદો થાય છે. આ જયુસ ચરબીને શરીરમાં જમા થવા દેતું નથી.

(૭) સવારે ઊઠીને ખાલી પેટે કુંવારપાઠાનાં પાનનું સેવન કરવાથી પેટમાં કબજીયાત થવાની સમસ્યાથી મુક્તિ મળે છે.

(૮) જયારે કોઈ ઈજા થયેલા ભાગમાં પરુ થવા લાગે ત્યારે તેમાં 'સાલમોનેલા' બેક્ટેરીયા થવા લાગે છે. આવામાં એન્ટિબાયોટિક તરીકે કુંવારપાઠાનો ઉપયોગ ઘણો ફાયદાકારક રહે છે. બેકટેરીયાનાશક કુંવારપાઠાંને સીધા ઘા પર લગાવી પણ શકાય છે.

(૯) તેનાં નિયમિત ઉપયોગથી મેટાબોલિક એકટીવીટીને શક્તિ મળે છે અને તેમાં રહેલ વિટામીન સી ઘણી બધી બિમારીઓથી રક્ષણ આપે છે. બ્લડ સરક્યુલેશન સારું થાય છે અને હૃદય સંબંધી સમસ્યા પણ થતી નથી.

(૧૦) પાણી-પ્રદૂષણ, વાયુ-પ્રદૂષણ, ધૂમ્રપાન, લીલી શાકભાજીમાં દવાઓ અને કેમિકલનાં ઉપયોગ વગેરેથી આપણા શરીરમાં વિવિધ પ્રકારનાં ખતરનાક તત્ત્વો એકત્રિત થઈ જાય છે. આ ઝેરી તત્ત્વોને કુંવારપાઠું શરીરની બહાર કાઢી આપે છે.

(૧૧) કુંવારપાઠાનાં રસમા દર્દ-નિવારક ગુણ હોય છે. તેનાથી ઘૂંટણ પર માલિશ કરવાથી આરામ મળે છે અને સોજો પણ ઉતરી જાય છે.

(૧૨) તે પેનક્રિયાસમાં થતાં ઈન્સ્યુલીનનાં નિર્માણને ઘટાડે છે. તેનાથી કીડની અને લિવરને કોઈ નુકસાન થતું નથી. લિવરનું ઈન્ફેકશન દૂર થાય છે. ગુર્દા કામ કરતાં બંધ થઈ જાય તેનાં પર પણ ફાયદાકારક બની રહે છે.

(૧૩) તેનો માવો પેટનાં અલ્સર માટે ઉપયોગી છે. તેને મહિલાઓનો મિત્ર માનવામાં આવે છે, પરંતુ ગર્ભાવસ્થા દરમિયાન તેનો ઉપયોગ ટાળવો જોઈએ.

(૧૪) પેશાબની તકલીફો, કીડનીની પથરીઓ, કમળો, લિવર ઈન્ફેકશનમાં કુંવારપાઠું લાભકારી બની રહે છે. કમળામાં અને બરોળ મોટી થઈ હોય તો એક ચમચી જેટલા કુંવારનાં ગર-રસ સાથે અડધી ચમચી હળદર મિશ્ર કરી સવારે અને રાત્રે આપવાથી સારું પરિણામ મળે છે.

(૧૫) પાચનતંત્રને વધુ સક્રિય બનાવવામાં ઉપયોગી છે. તેનું જયુસ દિવસે ફકત બે થી ત્રણ ચમચીને પાણીમાં પીવાથી પાચનતંત્ર ઘણું સક્રિય બને છે.

(૧૬) કબજિયાત માટે જવાબદાર હાનિકારક દ્રવ્યોનો સામનો કરવા માટે કુંવારપાઠામાં અમુક વિટામીન અને ખનીજદ્રવ્યો રહેલા છે.

(૧૭) પ્રોટીનનું શોષણ કરી પાચનમાં ઉપયોગી થાય છે, જેથી ચરબીના પ્રમાણમાં પણ ઘટાડો થાય છે.

(૧૮) શરીરની રોગપ્રતિકારકતા સુધારવા પણ કુંવારપાઠું ઉપયોગી બને છે અને એટલે જ હાનિકારક વાઈરસ કે બેકટેરીયા સામે એ ઉપયોગી છે.

(૧૯) આર્તવ એટલે સ્ત્રીઓમાં દર મહિને પ્રવૃત્ત થતું રકત. કુંવારપાઠું આર્તવપ્રદ છે. તેમજ રજપ્રવર્તક, શીતપિત્ત, કફ, જ્વર, શીરોરૂજા, પ્લીહાવૃદ્ધિ, કમળો, મંદાગ્નિ વગેરેમાં હિતાવહ છે.

(૨૦) કુંવાર પિચ્છિલ, સ્નિગ્ધ-ચીકણું, કડવું, શીતળ, ત્વચાનાં રોગો, ઉદાવર્ત, જળોદર, વાયુને જીતનાર, નેત્ર માટે હિતાવહ, વૃષ્ય, રસાયની, બળ આપનાર, પ્લીહા અને લિવરનાં રોગો, અગ્નિદગ્ધ, વિસ્ફોટકો, રકતપિત્ત વગેરે અનેક રોગોમાં તેનો ઉપયોગ થાય છે.

(૨૧) પેટમાં ગેસ અને આફરો રહેતો હોય તો કુંવારપાઠાના એક ચમચી રસમાં બે ચમચી ઘી મિશ્ર કરી જમ્યા પછી લેવું. જેથી આહાર સરળતાથી પચી જશે અને ગેસ-આફરો કે એસિડિટી થશે નહી.

(૨૨) જન્મતાં જ બાળક ગુજરી ગયું હોય અથવા ધાવણું બાળક ગુજરી જાય ત્યારે સ્તનમાં ખૂબ જ ધાવણ ભરાઈ આવે છે અને ગૂમડું પાકતું હોય એવી ખૂબ જ વેદના થાય છે. એ વખતે કુંવારના મુળ અને હળદરનો લેપ કરવાથી ધાવણ ઓછું થઈ જાય છે. વેદના મટી જાય છે.

(૨૩) જે સ્ત્રીઓને માસિક અથવા આર્તવ ખૂબ જ મોડું અનિયમિત અને ઓછું આવતું હોય તથા ખુબ જ દુ:ખાવા સાથે આવતું હોય, તેવી સ્ત્રીઓએ કુમાર્યાસવનો ઉપયોગ કરવો જોઈએ. ચારથી છ ચમચી અથવા નાની સાઈઝના અડધા કપ જેટલો કુમાર્યાસવ લેવો. તેમાં તેટલું જ પાણી ઉમેરી જમ્યા પછી અડધા કલાકે બપોરે અને રાત્રે પીવો. ત્રણેક મહિના પીવાથી ક્ષીણ-આર્તવ ફરી યોગ્ય માત્રામાં અને નિયમિત આવવા લાગે છે.

(૨૪) જેમને મેલેરિયા પછી કે બીજા કોઈ પણ કારણને લીધે બરોળ વધી ગઈ હોય, પેટમાં કૃમિઓ હોય, શરીરમાં ગડગુમડ વારંવાર થતા હોય તેમણે 'કુમારીઘૃત' નો ઉપયોગ કરવો જોઈએ અને તે સાથે વાયુ-પિત્તાદિ દોષને ધ્યાનમાં રાખીને જરૂરી પરેજી પણ પાળવી જોઈએ. કુમારીઘૃત એક થી બે ચમચીની માત્રામાં જમ્યા પહેલાં ચાટી જવું. બપોરે અને રાત્રે એમ બે વાર લેવું જોઈએ.

(૨૫) કુંવારપાઠાંનાં જયુસનું નિયમિત રીતે દિવસમાં ત્રણ વાર માત્ર બે અઠવાડીયા સુધી સેવન કરવાથી આંતરડાનોભયંકર સોજો દૂર થાય છે.

(૨૬) કુંવારપાઠાંના પ્રયોગથી ડાયાબિટીસનાં રોગીઓનાં લોહીમાં શર્કરાનું પ્રમાણ સરળતાથી ઘટાડી શકાય છે. પ્રયોગો દ્વારા સિદ્ધ થયું છે કે ડાયાબિટીસનાં જે રોગીઓમાં ઈન્સ્યુલિનનું પ્રમાણ નહોતું એમને માત્ર અડધી-અડધી ચમચી કુંવારપાઠાનાં રસનું સેવન કરાવતાં લાભ થયો હતો. આ પ્રયોગમાં રોગીનાં વજનમાં કોઈ વધારો કે ઘટાડો જણાયો નહોતો.

**સાવધાની**

કેટલીક પરિસ્થિતિમાં કુંવારપાઠનુ સેવન વર્જિત છે. જેમના આંતરાડાં ઉગ્ર હોય, પહેલા કયારેય મરડો થયો હોય, હરસને કારણે ગુદાનાં મસા ફુલી ગયા હોય, શરીર અત્યંત દુર્બળ હોય એવા સંજોગોમાં તથા ગર્ભવતી સ્ત્રી, બાળકને સ્તનપાન કરાવતી માતાએ 'કુમારીસાર' લાંબો વખત સેવન ન કરવું જોઈએ. નહિ તો કષ્ટમાં વધારો થવાનો સંભવ છે.

જો કે કુંવારપાઠું કઈ રીતે લેવામાં આવે એનાં ઉપર પણ એની અસર નિર્ભર કરે છે. જયુસ સમજીને એને વધુમાત્રામાં લેવાથી કે પરોઠા સાથે ખાવાથી તેનો કોઈ ફાયદો નહિ થાય. પાણીમાં એક કે બે ચમચી નાખીને એ પીવાથી સૌથી સારી અસર જોવા મળશે. વધુ પડતું પ્રમાણ ઘણી વખત ખરાબ અસર કરી શકે એમ છે. આ કારણે જ જોઈતી તકેદારી જાળવી રાખવી જરૂરી છે.

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ પીપરીયા, (ભીમનાથ) તા.બોટાદ સ્વ. બાબુભાઈ ધનજીભાઈ દિયોરા(ઉમર વર્ષ ૬૭) સંવત ૨૦૭૩ કારતક વદ ૧૦ તા. ૨૩/૧૧/૨૦૧૬ ને બુધવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ સુલતાનપુર, તા.વડનગર સ્વ. જયંતીભાઈ વિરમભાઈ ચૌધરી (ઉમર વર્ષ ૫૨) સંવત ૨૦૭૩ કારતક વદ ૭ તા. ૨૦/૧૧/૨૦૧૬ ને રવિવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

**॥ શ્રધ્ધાંજલી ॥**

**ગામ અંકેવાળીયા, તા.બોટાદ સ્વ. રવિભાઈ બાબુભાઈ કોશીયા(ઉમર વર્ષ ૨૨) સંવત ૨૦૭૩ માગશર સુદ ૧૫ તા. ૧૩/૧૨/૨૦૧૬ ને મંગળવારનાં રોજ માધવ ચરણ પામેલ છે. સદ્‌ગુરૂ ભગવાન સ્વર્ગસ્થના જીવાત્માને પરમ શાંતિ આપે.**

**શ્રી માધવ પરિવાર વતી વેદ રહસ્ય કમિટિ શ્રધ્ધાંજલી અર્પે છે.**

# પુરુષાર્થ એજ પ્રભુ

રજુ.

(વડોદરા)

ॐ શ્રી સચ્ચિદાનન્દાય નમઃ

સર્વ કાર્ય દેવ તેમજ મનુષ્યને આધીન છે. આ બે માંથી દૈવની ગતિ કળી શકાય તેમ નથી. પરંતુ પુરુષાર્થ તો મનુષ્યના પોતાના હાથમાં છે. દૈવની ગતિ અને પુરુષાર્થ સાથે જોડાયેલા આપણા ભાગ્યનું પણ મનુષ્યના જીવનમા અતિમહત્ત્વનું સ્થાન છે. મનુષ્ય કોઈ કર્મ કરતા વારંવાર થાકી જાય તો પણ તેણે ફરીથી તે કાર્ય આરંભવું, એ રીતે કર્મનો આરંભ કરનારને જ લક્ષ્મી, વિદ્યા તથા શક્તિ પ્રાપ્ત થાય છે. જુના ધર્મો કહેતા કે જેને પ્રભુમાં વિશ્વાસ નથી તે નાસ્તિક છે. જયારે નવા ધર્મો (વિચારો) કહે છે કે જેને પોતાની જાતમાં વિશ્વાસ નથી તે નાસ્તિક છે. સ્વામી શ્રી વિવેકાનંદ (મહાન્) પ્રત્યેક વ્યકિતને આત્મવિશ્વાસ કેળવવાનો નિર્દેશ કરે છે. શ્રી કૃષ્ણ સાચા અર્થમાં જગદ્‌ગુરુ છે. નિરાશ થયેલા અર્જુનને તેણે ગીતાના ઉપદેશ દ્વારા આત્મશક્તિ જાગૃત કરી કર્તવ્ય કર્મ (યુદ્ધ) માટે પ્રર્યો. અર્જુનને નિમિત બનાવીને કહેવાયેલી ગીતા આજે અસંખ્ય માનવીની નિરાશાને ખંખેરીને સ્વધર્મના આચરણ માટે પ્રોત્સાહિત કરે છે. શ્રી કૃષ્ણના ઉદાત્ત વિચારોને જીવનમાં ધારણ કરનાર લાકોને જ મિત્ર બનાવવા જોઈએ. પોતાને દીન-હીન, પાપી, અભાગિયા, કહેનાર લોકોથી જેટલા આપણે દૂર રહેશું - તેટલી જ આપણા જીવનમાંથી નિરાશા દૂર થશે. અમૃતવિદ્યાનું પાન કરાવનારા આપણા શાસ્ત્રો આપણને નિરાશાના અંધકરામાંથી અમર આશાના પ્રકાશમાં લઈ જાય છે.મનુષ્ય જો આત્મવિશ્વાસ ખોઈ બેસે અને સમગ્ર વિશ્વનું સામ્રાજય તેને મળે તો પણ શું કામનું ? સૃષ્ટિસર્જન તેના જ સહાયક બને છે. જે પોતે દુર્ગમ માર્ગ તરફ પ્રયાણ કરવા તત્પર થાય છે. માટે જ કહેવાયું છે કે ટોપલીમાં તેજ લઈને નીકળી પડો, પાણીની વચ્ચેથી રસ્તો થઈ જશે. ટોપલીમાં (તેજ) શ્રીકૃષ્ણજીને લઈ જનાર વસુદેવજીને યમુનાજીએ માર્ગ કરી આપ્યો તે રીતે મસ્તકમાં શ્રીકૃષ્ણ-ગીતાનાં વિચારને લઈને વિચરનાર વ્યક્તિને વિશ્વમાં કોઈ પ્રવાહ નડતા નથી. સર્વત્ર હરિદર્શન કરનારની ગતિ પણ સાર્વત્રિક હોય છે. આમ અમાસની અંધારી રાતને અજવાળવાની હિંમત એક નાનકડાં દિવામાં છે. સત્યના દિવડાની નાની અમસ્તીજયોતિ પાસે અસત્યનું અંધારુ ધ્રુજે છે. વ્યકિતએ પોતાના અંતરને અજવાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. અંતઃપ્રકાશ મેળવવા માટે બાહ્યશિક્ષણ કરતા અંતઃશિક્ષણનું મહત્ત્વ વધારે છે. અખાભગતે તેથી જ કહ્યું છે કે ‘‘તુ જ તારો ગુરુથા’’ ગીતા પણ પોતે જ પોતાના ઉદ્ધારની શિક્ષા આપે છે.

**‘‘દિલમાં જો દિવો પ્રગટે તો રોજ દિવાળી ભ્રાત । શુભ વર્જીત જીવનમાં, હોળી છે દિન રાત । કહું છું અજબ અનોખી વાત**

આધ્યાત્મિક જીવનમાં મનુષ્ય ભલે માન-અપમાનને સમાન ગણે પરંતુ સાંસ્કૃતિક જીવનમાં વ્યક્તિએ પોતાના સ્વમાનનો ખ્યાલ રાખવો જોઈએ. તેથી આપણા સંતોને ભગવાનનું જંગમ સ્વરુપ માનીએ છીએ. સત્‌સાહિત્ય કહે છે

**સચવાયના સ્વમાન તો એ જીંદગી નથી ।**
**નાચે નહી ભગવાન તો એ બંદગી નથી ॥**

આમ ઈશ્વર દ્વારા અપાયેલો ગીતા-સંદેશ મનુષ્યને સ્વધર્મ આચરણ માટે પ્રોત્સાહિત કરે છે. ભાગ્યને આધારે જીવતો મનુષ્ય શુન્યવત્ બની જાય છે. ભાગ્યની સાથે બીજી વસ્તુની પણ જરુરિયાત સાહિત્યકાર બતાવતા કહે છે

ઉદ્યમં સાહસં ધૈર્યં બુદ્ધિઃ શક્તિઃ પરાક્રમઃ ।
ષડેતે યત્ર વર્તન્તે, તત્ર દૈવં સહાયકૃત ॥

એટલે કે ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુધ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ વાત જયા હોય ત્યાં દૈવ પણ સહાયક બને છે. અને તેવો મનુષ્ય જ લક્ષ્મીની પ્રાપ્તિ કરે છે. ભાગ્ય જ અમને સાથ આપશે તેવું બોલનારા કાયર કહેવાય છે. ભાગ્યને બાજુએ રાખી પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરો અને સફળતા ન મળે તો તેમા આપણો દોષ નથી. મહાભારતના વીરપુરુષ કર્ણ કહે છે કે ‘‘હુ સારથિ કે સારથિ પુત્ર હોઉં, મારો જન્મ કયાં કુળમાં થવો તે ભાગ્યને આધીન છે પરંતુ મારો પુરુષાર્થ તો મારે આધીન છે. કમળને કાદવ સામે કોઈ ફરીયાદ નથી, ગુલાબને કાંટા સામે કોઈ ફરીયાદ નથી તે જ રીતે મનુષ્યોએ પણ સંજોગોના ગુલામ ન થતા સ્વામી બનવાનો વિચાર કરવો જોઈએ. શેખચલ્લીના વિચારો પરવડે તેમ નથી. સાધના વગર સિદ્ધિ પણ મળતી નથી.

## નિર્વાણ જ્યંતિ મહોત્સવ - પાલડી

રજુ.ગોરધનભાઈ જે. ગાબાણી
(પીપળીયા)

માગશર વદ સાતમ મંગળવાર તા ૨૦/૧૨/૨૦૧૬ ના શુભ દિવસે પાલડી ગામમાં પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામી શ્રી માધવાનંદજી મહારાજશ્રી નો ૧૩૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ, પ.પૂ. શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ શ્રીની અધ્યક્ષતામાં ધામધુમથી ઉજવાયો હતો. પાલડી ગામ બહુ જ રળીયામણું છે ગામનાં પાદરમા પ્રવેશદ્વાર બહું જ શોભીત બનાવ્યો છે. જેને તા. ૧૯/૧૨/૨૦૧૬ ને સોમવારે ખુલ્લો મુકયો છે. ત્યાર પછી ૩ કલાકે શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. તેમા પ્રથમ સ્થાને પ.પૂ. સ્વામીજી મહારાજશ્રીઓના ફોટા બગીમાં પધરાવ્યા હતા. ત્યાર પછી માધવ પીઠાધીશ્વર સ્વામીજી મહામંડલેશ્વર મહારાજશ્રી બીરાજમાન હતા. ત્યાર પછી દીલ્હીથી પધારેલ નિરંજન પીઠાધીશ્વર મહામંડલેશ્વર સ્વામીશ્રી પુણ્યાનંદગિરિજી મહારાજ બીરાજમાન હતા. ત્યારપછી હરિદ્વારથી પધારેલ મહામંડલેશ્વર સ્વામી શ્રી વિશ્વાત્માપુરીજી મહારાજ બીરાજમાન હતા. ત્યારપછી શિહોરથી પધારેલ મહામંડલેશ્વર સ્વામીશ્રી સ્વરૂપાનંદજી મહારાજ બીરાજમાન હતા. ત્યાર પછી માધવપરિવારના સંતો મહંતો બીરાજમાન હતા.


શોભાયાત્રા જોતા એમ જ લાગે કે કુંભમેળામાં શાહી સ્નાન કરવા જતા હોય ને જે ભીડ હોય તેટલી લાગતી હતી. ઢોલ નગારા વાગતા હતા, નાચતા કુદતા ગરબી લેતા માધવ ધામમાં પહોંચ્યા હતા. પાલડી ગામની એકતા સંપ બહુ જ દેખાતો હતો. સેવાભાવી પાલડી ગામમાં સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રીની તીથી દસ-દસ વર્ષે ઉજવાય છે. ઈ.સ. ૧૯૮૬ માં તેમજ ૧૯૯૬ મા તીથી પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતા ઉજવાઈ હતી. ત્યાર પછી ઈ.સ. ૨૦૦૬ માં ને ૨૦૧૬ માં પ.પૂ. મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ઉજવાઈ હતી. પાલડી ગામમાં સભાખંડ બહુ જ સુશોભીત બનાવ્યો હતો. સંતોને બેસવા માટેનું સ્ટેજ બહુ જ સારૂં બનાવ્યું હતું. સભાખંડ આખો ઠસોઠસ ભરાઈ ગયો હતો. તા. ૨૦-૧૨-૨૦૧૬ને મંગળવારે સવારે ૬ કલાકથી કાર્યક્રમ ચાલુ થયો હતો. સવારે ૬ કલાકે શ્રી ગુરૂ ગીતાનો પાઠ શરૂ થયો હતો ત્યાર પછી સદ્‌ગુરૂનુ પૂજન કર્યું હતુ ત્યાર પછી સંતોની સ્વાગત વીધી ત્યાર પછી શ્રદ્ધાંજલી કાર્યક્રમ શરૂ થયો હતો. શ્રદ્ધાંજલી બપોરે ૧-૨૦ કલાક સુધી ચાલ્યો હતો. પાલડી ગામમાં ભોજનની વ્યવસ્થા બહુ જ સારી હતી. સમયસર ભોજન દરેકને મળી ગયું હતું. પાલડી ગામના સેવકોને મહામંડલેશ્વરવૃંદ, સંતો મહંતોએ સારા આર્શીવાદ પાઠવ્યા હતા.

## ભગીરથ વનમાં જઈ તપ કરતાં

રજુ. કોશિયા વીરૂબેન ગોરધનભાઈ

ભગીરથ વનમાં જઈ તપ કરતા, કાયમ દરિયે નાવા
જાતા દરિયાના પાણી લાગે ખારા...
ભેરે રહેજો ભોળાનાથ
ભગીરથ મનમાં બહુ મુંજાણા, આમા તપ મારે કેમ કરવા
કેમ કરી પાણીડા પીવાય... ભેરે રહેજો ભોળાનાથ
દરિયો કહે છે ઋષિ સાંભળો, ગંગાના પાણી બહુ મીઠા
શક્તિ હોય તો ઉતરે હેઠા... ભેરે રહેજો ભોળાનાથ
ભગીરથ ગંગાજીને વિનવે, દેવી પધાર પૃથ્વી માંહી
મારે તપ કરવા છે ભારી... ભેરે રહેજો ભોળાનાથ
ગંગા કહે છે ઋષિ સાંભળો
પૃથ્વી નાની ને નીર છે જાજા
કેમ કરી પાણીડા સમાય... ભેરે રહેજો ભોળાનાથ
ભગીરથ શીવજીને સંભારે ભોળા, આવો મારી વારે
ગંગા કરે છે અભિમાન... ભેરે રહેજો ભોળાનાથ
શિવજી ગંગાજીને વિનવે, દેવી પધારો પૃથ્વી માહિં
પુરો મારા ભક્તો કેરી આશ... ભેરે રહેજો ભોળાનાથ
ગંગા કહે છે શીવજી સાંભળો, પૃથ્વી નાની ને નીર છે
જાજા કેમ કરી પાણીડા સમાય... ભેરે રેજો ભોળા નાથ
શીવજી ક્રોધ કરીને બોલ્યા, તને મારી જટામાં સમાવું
ગંગા ગર્વ કરીને બોલે, કોઈ નહિ આવે મારી તોલે
શીવજી પાતાળે લઈ જાય... ભેરે રહેજો ભોળાનાથ
ગંગા વહે છે ધોધની ધારે નદીઓને નાળાને છલકાવે
દરિયો કરે છે કીલ્લોલ... ભેરે રહેજો ભોળાનાથ
શીવજીએ જટાથી પૃથ્વીને ઢાંકી, ગંગા જટામાં અટવાણી
એને વરસો વિત્યા બાર... ભેરે રહેજો ભોળાનાથ
ગંગા જટામાં મુંઝાણી, અને નીકળવાની નથી બારી
આવે શીવજીના એ શરણે... ભેરે રહેજો ભોળાનાથ
શીવજી દીન દયાળુ ભોળા એના ભકતોના છે દાતા
વહેતી મેલી ગંગા કેરી ધાર ભેરે રહેજો ભોળાનાથ

## પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



- તા.૭/૧/૨૦૧૭ ભાવનગર થી ચાણોદ
- તા.૮/૧/૨૦૧૭ ચાણોદ નેત્રયજ્ઞ તથા દંતયજ્ઞ
- તા. ૧૬/૧/૨૦૧૭ હેરંજ, ખાંધલી, સોજીત્રા
- તા. ૧૯/૧/૨૦૧૭ લીંબાસી
- તા. ૨૨/૧/૨૦૧૭ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રી નો ૭૯ મો નિર્વાણ જયંતિ ઉત્સવ લીંબાસી ગામમાં ઉજવાશે. તા. માતર જી. ખેડા
- તા. ૨૨/૧/૨૦૧૭ બપોર પછી વલસાડ
- તા. ૨૩/૧/૨૦૧૭ થી ૨૫/૧/૨૦૧૭ અરનાલા જી. વલસાડ
- તા. ૨૬/૧/૨૦૧૭ થી ૩૧/૧/૨૦૧૭ સુધી સુરત
  તા. ૧/૨/૨૦૧૭ ચાણોદ, સાંજે આંતરરાષ્ટ્રિય શ્રીમાધવાનંદ આશ્રમ, સુઘડ, ગાંધીનગર
- તા. ૫/૨/૨૦૧૭ ભુવાલડી પરમ પૂજ્ય સ્વામીશ્રી નાગેશ્વરાનંદજી મહારાશ્રીનો ૯૫ મો નિર્વાણ જયંતિ ઉત્સવ ઉજવાશે. મુ. ભુવાલડી તા. દશકોઈ જી. અમદાવાદ
- ૫/૨/૨૦૧૭ બપોર પછી આંતરરાષ્ટ્રિય શ્રીમાધવાનંદ આશ્રમ સુઘડ, ગાંધીનગર
- ૬/૨/૨૦૧૭ વામજ
- ૮/૨/૨૦૧૭ વડાવી




## પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ

- તા. ૬/૧/૨૦૧૭ સુઘડ આંતરરાષ્ટ્રિય શ્રીમાધવાનંદ આશ્રમ
- તા. ૧૨/૧/૨૦૧૭ પુનમ છે નિયમીત ઉજવવામાં આવતી પુનમ ૧૫/૧/૨૦૧૭ પુનમ ઉજવવામાં આવે છે. આંતરરાષ્ટ્રિય આશ્રમમાં પુનમ જે ગાંધીનગર, અમદાવાદમાં વસતા આપણા સેવક સમુદાયના સંઘાડીયા પરિવાર તરફથી ઉજવવામાં આવશે. તો સમસ્ત ભાવિક ભક્તોને લાભ લેવા નિમંત્રણ છે. આ પુનમમાં પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદસાગરજી મહારાજ આર્શીવાદ આપવા હાજર રહેશે.
- તા. ૨૨/૧/૨૦૧૭ લીંબાસી સ્વામીશ્રી આત્માનંદજી મહારાજશ્રીની તીથી પ્રસંગે પધારશે.

### શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (સુઘડ)

- શોભાયાત્રા : પોષ વદ બારશ મંગવાર તા. ૨૪/૧/૨૦૧૭ સવારે ૮.૩૦ કલાકે
- કથા પ્રારંભ : પોષ વદ બારશ મંગળવાર તા. ૨૪/૧/૨૦૧૭ સવારે ૧૦.૦૦ કલાકે
- કૃષ્ણ જન્મોત્સવ : પોષવદ અમાસ શુક્રવાર તા. ૨૭/૧/૨૦૧૭
- કથાનો સમય : સવારે ૯.૦૦ થી ૧૧.૩૦ બપોરે ૩.૦૦ થી ૫.૦૦
- કથા પૂર્ણાહૂતિ : મહા સુદ ત્રીજ ને સોમવાર તા. ૩૦/૧/૨૦૧૭
- નિમંત્રક : શ્રી દામજીભાઈ પ્રેમજીભાઈ ગોળકીયા, શ્રીમતિ કંચનબેન દામજીભાઈ ગોળકીયા, તથા શ્રી અનિલભાઈ દામજીભાઈ તથા અતુલભાઈ દામજીભાઈ તથા હિતેન્દ્રભાઈ દામજીભાઈ. બી-૩ પોપ્યુલર હાઉસ બેસન્ટ સ્ટ્રીટ શાંતાકુંજ-૫ મુંબઈ. મો. ૦૯૬૯૧૩૧૩૧૩
- કથા સ્થળ : આંતરરાષ્ટ્રિય શ્રી માધવાનંદ આશ્રમ કોબા સર્કલ પાસે, નર્મદા મેન કેનાલ, સુઘડ તા.જી. ગાંધીનગર મો.૦૭૨૦૨૯૯૪૮૯૭

## સત્સંગ સમાચાર (પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજનો કાર્યક્રમ)



**પ.પૂ. મહંત સ્વામીશ્રી પ્રકાશાનંદ ગિરિજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**
**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (વટાદરા)**

- કથા પ્રારંભ : પોષ સુદ ૮ ને શુક્રવાર તા. ૬/૧/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ સુદ ૧૩ ને મંગળવાર તા. ૧૦/૧/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : પોષ સુદ પુનમ ગુરૂવાર તા. ૧૨/૧/૨૦૧૭
- આયોજક : શ્રી રાવજીભાઈ હરિભાઈ પટેલ તથા શ્રી ગોવિંદભાઈ પટેલ મો. ૯૯૭૯૫૧૫૩૦૭, ૯૮૨૫૫૩૫૨૮૮
- કથા સ્થળ : મુ. વટાદરા ભાથીજી મંદિર પાસે, તા.ખંભાત, જિ.આણંદ

**શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (કપડવંજ)**

- કથા પ્રારંભ : પોષ વદ ૮ ને શુક્રવાર તા. ૨૦/૧/૨૦૧૭
- કૃષ્ણ જન્મોત્સવ : પોષ વદ ૧૨ ને મંગળવાર તા. ૨૪/૧/૨૦૧૭
- કથા પૂર્ણાહૂતિ : પોષ વદ ૧૪ ને ગુરૂવાર તા. ૨૬/૧/૨૦૧૭
- આયોજક : શ્રી મહેન્દ્રભાઈ મોહનભાઈ પટેલ, સુરેશભાઈ અંબાલાલ પટેલ, જસભાઈ બેચરભઈ પટેલ, યોગેશભાઈ રમણભાઈ પટેલ - (પારેખ ભજીયાવાળા) મો. ૯૮૭૯૬૫૨૭૪૭, ૯૪૨૭૧૫૩૯૧૫
- કથા સ્થળ : મુ. કપડવંજ યોગી નગર સોસાયટી, જેડી બોર્ડ પાસે, તા. કપડવંજ જી. ખેડા
- તા. ૩૦/૧/૨૦૧૭ થી ૨/૮/૨૦૧૭ સુધી શ્રી યોગાનંદ આશ્રમ મુ. ઝુસી, અલ્હાબાદ



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- તા. ૧-૧-૨૦૧૭ થી તા. ૩૧/૧/૨૦૧૭ સુધી પ્રેમપુરી સત્સંગ મંડળ, શિવમ એપાર્ટમેન્ટ, મિસ્ત્રી કોમ્પલેક્ષ, ઓમનગર ચાર રસ્તા પાસે, જે.બી. નગર, અંધેરી ઈસ્ટ, મુંબઈ.
- શ્રીમદ્ ભગવદ ગીતા ભાસ્ય તથા બૃહદારણ્યકોપનિષદ ભાસ્ય પર સ્વાધ્યાય પ્રવચન કરશે. સમય : સવારે ૭.૩૦ થી ૮.૦૦ અને સાંજે ૫.૩૦ થી ૬.૩૦

## માતા-પિતાની છત્રછાયા

હયાત માતા-પિતાની છત્રછાયામાં,
વ્હાલપના બે વેણ બોલીને નીરખી લેજો,
હોઠ અડધા બીડાઈ ગયા પછી
ગંગાજળ મૂકીને શું કરશો ? .........(૧)

અંતરના આર્શીવાદ આપનારને,
સાચાં હૃદયથી એક ક્ષણ ભેટી લેજો,
હયાતી નહિ હોય ત્યારે નત મસ્તકે,
છબીને નમન કરીને શું કરશો ? .........(૨)

કાળની થપાટ વાગશે, અલવિદા એ થઈ જશે,
પ્રેમાળ હાથ પછી તમારા પર કદી નહિ ફરે,
લાખ કરશો ઉપાય તે વાત્સલ્ય લ્હાવો નહિ મળે,
પછી દીવાનખંડમાં તસવીર મૂકીને શું કરશો ?.......(૩)

હયાત હોય ત્યારે હૈયું તેનું ઠારજો,
પાનખરમાં વસંત આવે,એવો વ્યવહાર રાખજો,
પંચભૂતમાં ભળી ગયા પછી આ દેહનાં,
અસ્થિને ગંગામાં પધરાવીને શું કરશો ?.....(૪)

શ્રવણ બનીને ઘડપણની લાકડી તમે બનજો,
હેતથી હાથ પકડીને કયારેક તીર્થ સાથે ફરજો,
માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ સનાતન સત્ય છે,
પછી રામનામ સત્ય છે બોલીને શું કરશો ?.........(૫)



REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH

**Printed Book**



**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**“વેદ રહસ્ય કાર્યાલય”**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.**
**ફોન નં.:– ૦૨૬૧ ૨૫૩૪૬૧૦**

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-